RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૬, ◆ સળંગ અંકઃ ૬૬, ◆ તા.૧૬/૦૪/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ આવ્યું કરદાતાને દ્વાર....

કરદાતાઓને પડતી તકલીફો નિવારવા રાજકોટ ખાતે ઓપન હાઉસનું આયોજન

કોરોના કાળમાં પણ 'રેવન્યુ ટાર્ગેટથી' વધુ ટેક્સ આપવા બદલ કરદાતાઓ અને ટેક્સ પ્રોફેશનલ્સનો આભારઃ શ્રી રવિન્દ્ર કુમાર પ્રિન્સિપાલ કમિશ્નર ગુજરાત

તા. ૦૫.૦૫.૨૦૨૨: ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ, ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ, ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ, ICAI રાજકોટ બ્રાન્ચ તથા રાજકોટ ટેક્સ કન્સલ્ટન્ટ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે એક ઓપન હાઉસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઓપન હાઉસમાં કરદાતાઓની TDS, ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઇલિંગ, ફેઇસલેસ એસેસમેન્ટને લગતી મુશ્કેલીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ વતી ગુજરાત રાજ્યના અધિકારીઓ ઉપરાંત વર્ચ્યુલ રીતે CPC બેંગલુરુના ઉચ્ચ અધિકારીઓ હાજર રહ્યા હતા. ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા તેઓને પડતી મુશ્કેલીઓ અંગે પણ અધિકારીઓને રજૂઆત કરવામાં આવી હતી. કરદાતાઓ વતી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટનો આભાર માનતા જાણીતા એડવોકેટ સમીર જાની દ્વારા જણાવવામાં આવ્યું હતું કે કદાચ ઇતિહાસમાં પહેલીવાર એવું બન્યું હશે કે ડિપાર્ટમેંટ દ્વારા કરદાતાઓના વિવિધ પ્રશ્નોના નિરાકરણ અંગે લેખિત જવાબ આપવામાં આવ્યા છે. જાણીતા CA રાજીવ દોશી દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના સકારાત્મક

વલણ માટે આભાર પ્રકટ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ ICAI ભવન રાજકોટ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રિન્સિપાલ કમિશ્નર ગુજરાત શ્રી રવિન્દ્ર કુમાર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા જ્યારે રાજકોટના CCIT બી.એલ. મીના, અતિથિ વિશેષ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ કમિશ્નર શ્રી રવિન્દ્ર કુમાર દ્વારા જાહેરાત કરાઇ હતી કે CPgram ઉપર કરવામાં આવતી અરજી ઉપર તેઓ પોતે અંગત ધ્યાન આપે છે. તેઓ દ્વારા ખાસ જણાવવામાં આવ્યું હતું કે કરદાતાઓની સમસ્યાનું નિરાકરણ લાવવું તે તેમની તથા તેમના ડિપાર્ટમેંટની પ્રાથમિકતા રહેશે. તેઓએ ઉમેર્યું હતુ કે તેઓ ગર્વ સાથે કહી શકે છે કે ૩૦ થી વધુ દિવસ જૂની હોય તેવી એક પણ ફરિયાદ ગુજરાત ખાતે પડતર નથી. તેઓ દ્વારા એ બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે ફેઇસલેસ એસેમેંટએ નવી પદ્ધતિ હોય તેમાં ''ટીથીંગ ટ્રબલ્સ'' (શરૂઆતની તકલીફો) રહેલી છે. પરંતુ સાથે તેઓ દ્વારા આ તકલીફો જલ્દીમાં જલ્દી દૂર થઈ જશે તેવું આશ્વાસન આપવામાં આવ્યું હતું. ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ ધનસુખભાઇ વોરા દ્વારા ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટનો આ પ્રકારના કરદાતા માટે ઉપયોગી કાર્યક્રમો કરવા બદલ આભાર પાઠવવામાં આવ્યો હતો. ICAI રાજકોટ બ્રાન્ચ વતી ચેરમેન જિગ્નેશ રાઠોડ તથા AIFTP WZ ના ચેરમેન મિતિશ મોદી દ્વારા પ્રસંગ અનુરૂપ પ્રવચન આપવામાં આવ્યું હતું. ટેક્સ કન્સલ્ટન્ટ સોસાયટીના પ્રમુખ રાજુભાઇ માણેક દ્વારા અભાર વીધી કરવામાં આવી હતી. કર્યેક્રમને સફળ બનાવવા ત્રણે એસોસીએશનના હોદ્દેદારો ઉપરાંત એડવોકેટ સમીરભાઈ જાની તથા CA રાજીવ દોશી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે

CBIC દ્વારા ત્રિમાસિક ધોરણે ફરજિયાત GST રિટર્ન ચકાસણીની દરખાસ્ત

અસરકારક અને પ્રમાણિત ચકાસણી દ્વારા અનુપાલન વધારવા માટે ત્રિમાસિક ધોરણે ફરજિયાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) સ્ક્રુટિનીનો પ્રસ્તાવ

તા. ૧૫.૦૪.૨૦૨૨: જી.એસ.ટી.નું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા, CBIC ટૂંક સમયમાં GST રિટર્નની ફરજિયાત ત્રિમાસિક સ્ક્રુટિની અંગેનો પ્રસ્તાવ રજૂ કરશે. CBICના માનવા મુજબ આમ કરવાથી GST કલેક્શનને વધુ સારી રીતે વેગ મળશે અને તેનું અનુપાલન વધશે. દેશની જાણીતી ન્યૂઝ ચેનલ ''CNBC-TV18, દ્વારા આ અંગે સમાચાર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. ન્યૂઝ ચેનલના સૂત્રોના જણાવ્યા અનુસાર, જુલાઈ ૨૦૧૭ અને એપ્રિલ ૧, ૨૦૨૧ વચ્ચેના સમયગાળામાં ૫૨,૦૦૦ કરોડ રૂપિયાની કરચોરી શોધી કાઢવામાં આવી હતી. માલનું વેચાણ

થયા વગર જે બિલ આપવાની આ પ્રવૃતિ છે તેના કારણે જી.એસ.ટી. ડિપાર્ટમેંટને મહત્તમ નુકસાન થયું છે તેવું માનવમાં આવી રહ્યું છે.

લાંબા જોડે ટૂંકો જાય મારે નહીં તો માંદો થાય આ કહેવત જી.એસ.ટી. હેઠળ ઉઠાવવામાં આવતા પગલાં બાબતે ઘણીવાર સાચી ઠરતી હોય છે. કરચોરોને પકડવા ઉઠાવવામાં આવતા પગલાં કરચોરોને હેરાન કરે તેના કરતાં પ્રમાણિક કરદાતાઓને વધુ હેરાન કરતાં હોય છે. CBIC દ્વારા જ્યારે આ પ્રકારની ત્રિમાસિક પત્રક ચકાસણીની યોજના અમલમાં મૂકવામાં આવે ત્યારે આ બાબતની તકેદારી રાખવામા આવે તેવી આશા કરદાતાઓ સેવી રહ્યા છે.

ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે

વિદેશમાંથી દાનફાળો મેળવતી સખાવતી કે ધાર્મિક સંસ્થાને આપવામાં આવી મોટી રાહત

વિદેશમાંથી દાનફાળો મેળવતી સખાવતી કે ધાર્મિક સંસ્થાના ના.વર્ષ ૨૦૨૦-૨૧ના ઓનલાઇન વાર્ષિક ફોર્મ fC-4 ભરવાની તારીખ ૩૦/૦૬/૨૦૨૨ સુધી લંબાવાઇ

NRI Charity

ફોરેન કોંટ્રિબ્યુશન રૂલ્સ ૨૦૧૧ના નિયમ ૧૭ મુજબ જે સખાવતી કે ધાર્મિક સંસ્થાઓ વિદેશમાંથી દાન પ્રાપ્ત કરે છે તેમણે વાર્ષિક ઓનલાઇન એફસી-૪ સ્કેન સાથે સહી કરેલ અથવા ડિજિટલ સહી કરેલ રિપોર્ટ સબમિટ કરવો પડે છે અને તેની સાથે નાણાકીય વર્ષ ના આવક-જાવક પત્રક, પાકુ સરવૈયું ની નકલો અપલોડ કરવાની છે જેનો સમય નાણાકિય વર્ષ પૂરું થયે થી નવ મહિના માં આપવાનો છે એટ્લે કે ના. વર્ષ ૨૦૨૦-૨૧ની છેલ્લી તારીખ ૩૧/૧૨/૨૦૨૧ હતી તેમાં મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ ધ્વારા પબ્લિક નોટિસ જારી કરીને તા. ૩૧/૦૩/૨૦૨૨ ના રોજ fc-4 વાર્ષિક રિટર્ન ની મુદતમાં વધારો કરીને તા. ૩૦/૦૬/૨૦૨૨ કરેલ છે.

અમિત સોની (ટેક્ષ એડવોકેટ), ટેક્સ ટુડે પ્રતિનિધિ નડિયાદ

PAN સાથે આધાર કાર્ડ લિન્ક નહીં હોય તો પણ PAN કાર્ડ નહીં થાય સ્થગિતઃ કરદાતાઓને મોટી રાહત

ત્રણ મહિના ૫૦૦/-ની નજીવી લેઇટ ફી ભરી કરી શકાશે PAN-આધાર લિન્ક

તા. ૩૧.૦૩.૨૦૨૨ આજરોજ પાન કાર્ડ અને આધાર લિંક કરવાની છેલ્લી તારીખ ૩૧-૦૩-૨૦૨૨ હતી. નાણાં મંત્રાલય દ્વારા PAN-આધાર લિંક કરવાની સમયમર્યાદા વધારો જાહેર કરતી પ્રેસ વિજ્ઞપ્તિ બહાર પાડવામાં આવી છે. આ પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ કરદાતા લેટ ફી ભરી તા.૩૧-૦૩-૨૦૨૩ સુધી PAN-આધાર લિંક કરી શકાશે. કરદાતાઓ માટે તા ૧-૪-૨૦૨૨ થી ૩૦-૦૬-૨૦૨૨ સુધી રૂ. ૫૦૦/- લેટ ફી લાગશે ત્યાર બાદ તા ૦૧-૦૭-૨૦૨૨ થી ૩૧-૦૩-૨૦૨૩ સુધી રૂ. ૧૦૦૦/- ફી લાગશે. આ લેઇટ ફી ઇન્કમ ટેક્સ કાયદાની કલમ 234 H હેઠળ લાગુ પડશે. તારીખ ૦૧-૦૪-૨૦૨૩ પછી પાન અને આધાર લિંક નહીં હોય તો પાન નંબર બ્લોક કરવામાં આવશે તેવી જાહેરાત આ પ્રેસ વિજ્ઞપ્તિમાં કરવામાં આવેલ છે.

અમિત સોની (ટેક્ષ એડવોકેટ) ૯૮૨૪૭૦૧૧૯૩

આપનું PAN આધાર સાથે લિન્ક છે કે નહીં તે ચેક કરવા નીચેની લિન્ક ઉપર ક્લિક કરો. (PAN Aadhar કાર્ડ સાથે રાખશો)

https://eportal.incometax.gov.in/iec/foservices//pre-login/link-aadhaar-status

DSC PUBLIC SCHOOL
EXCELLENCE IN EDUCATION
DSC SCHOOL Of COMMERCE
Veraval Road, Near Lamdhar Fatak, UNA Mo.+91 8758470700

ધોરણ ૧૦ માં ઉચ્ચ ગુણાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને ૩૦% સુધીની સ્કોલરશીપ

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની ઉના પીપલ્સ કો-ઓપ બેન્કની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની DEO ની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની GST ઓફીસની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની INCOME TAXઓફીસની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની મારૂતિ જીનીંગ ઈન્ડ.ની મુલાકાત

DSC સ્કૂલના વિદ્યાર્થીઓની કૈલાશ કોટન પ્રા.લી.ની મુલાકાત

એડમીશન ઓપન
ધોરણઃ૧૧ અને ૧૨ કોમર્સ
ઇંગ્લીશ/ગુજરાતી મીડીયમ

એડમિશનની વધુ વિગતો માટે વિઝીટ કરોઃ
http://www.dscpublicschool.org

શા માટે કોમર્સ DSC SCHOOL OF COMMERCE ???
- કોમર્સ શીખો કોમર્સ વિષયના તજ્ઞો પાસેથી
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેકિટકલ અનુભવ માટે વિવિધ ઇન્ડસ્ટ્રીઝની મુલાકાતો
- વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રેકિટકલ અનુભવ માટે વિવિધ બેન્કો તથા જી.એસ.ટી., ઇન્કમ ટેક્ષ જેવી સરકારી ઓફીસની મુલાકાતો
- જી.એસ.ટી. અધિકારી, ઇન્કમ ટેક્સ અધિકારી જેવા સરકારી અધિકારીઓ, નિષ્ણાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, નિષ્ણાંત વકીલો જેવા તજ્ઞોના લેકચરોનો લાભ
- કોમર્સના વિવિધ વિષયો ઉપર વિદ્યાર્થીઓને લગતા વેબીનાર

ઈન્કમ ટેક્સ અને જી.એસ.ટી.ની આવકમાં વિક્રમી વધારો

૨૦૨૧-૨૨ના બજેટના અંદાજ કરતાં ૫ લાખ કરોડ જેટલો ટેક્સ કલેક્શનમાં વધારોઃ ટેક્સ કલેક્શનમાં વધારો આર્થિક તેજીનો સંકેતઃ નાણાં મંત્રાલય

તા. ૧૦.૦૪.૨૦૨૨: કેન્દ્ર સરકાર દ્વારા ફેબ્રુઆરી ૨૮, ૨૦૨૧ ના રોજ રજૂ કરવામાં આવેલ નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ ના અંદાજપત્ર (બજેટ) માં કરવામાં આવેલ ઇન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. ના અંદાજોથી વધુ ટેક્સ કરદાતાઓ દ્વારા ચૂકવવામાં આવ્યો છે. આ અંગે કેન્દ્ર સરકારના નાણાં મંત્રાલય દ્વારા એક પ્રેસ વિજ્ઞપ્તિ તારીખ ૦૮ એપ્રિલ ૨૦૨૨ ના રોજ બહાર પાડવામાં આવી છે. આ પ્રેસ વિજ્ઞપ્તિ દ્વારા ટેક્સ કલેક્શનના આંકડા બહાર પડતાં કેન્દ્ર સરકારે જાહેર કર્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ ના બજેટના અંદાજનો રેવન્યુ કલેક્શનનો આંકડો ૨૨.૧૭ લાખ કરોડનો હતો. આ સામે નાણાકીય વર્ષ દરમ્યાન ૨૭.૦૭ લાખ કરોડ જેટલો ટેક્સ સરકાર દ્વારા વસૂલવામાં આવેલ છે. આમ, અંદાજે ૫ લાખ કરોડ જેટલો વધુ ટેક્સની આવક સરકારને થઈ છે. આ પ્રેસ રીલીઝમાં સરકાર દ્વારા જણાવવામાં આવ્યું છે કે ટેક્સમાં થયેલ આ વધારો Covid 19 બાદ આર્થિક ક્ષેત્રે રિકવરીના સંકેત ગણી શકાય. ટેક્સ કલેક્શનમાં થયેલ આ વધારાનો શ્રેય ટેક્સ ડિપાર્ટમેંટની મહેનતને પણ જાઈ છે તેવું પણ આ પ્રેસ રીલીઝમાં જણાવવામાં આવ્યું છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ ના ટેક્સ કલેક્શન એ ટેક્સ-જી.ડી.પી. પ્રમાણને ૧૧.૭ % ના સ્તરે લઈ જાય છે જે વર્ષ ૧૯૯૯ પછીના સૌથી સારા ટેક્સ જી.ડી.પી રેશિયોને દર્શાવે છે.

ઈન્કમ ટેક્સની વાત કરવામાં આવે તો નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ માં કોર્પોરેટ ટેક્સ ૮.૬ લાખ કરોડ રહેવા પામ્યો છે જે ગત વર્ષ નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ માંના ૫.૬ લાખ કરોડના સાપેક્ષમાં સારી એવી વૃદ્ધિ દર્શાવે

છે. પ્રેસ રીલીઝમાં જણાવવામાં આવ્યું છે કે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા નાણાકીય વર્ષમાં જૂના પડતર રિફંડ ચૂકવવા ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ૩૧ માર્ચ ૨૦૨૨ સુધીમાં નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ માટે ૨.૦૧ લાખ કરોડ સહિત કુલ ૨.૨૪ લાખ કરોડના રિફંડની ચુકવણી કરવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા રિટર્ન પ્રોસેસ કરવાની પદ્ધતિને વેગવંતી બનાવવામાં આવી છે અને તેના દ્વારા ૭૫% રિટર્નનું પ્રોસેસિંગ ૧ મહિનાથી ઓછા સમયમાં કરી નાંખવામાં આવ્યું છે તેમ જણાવવામાં આવ્યું છે. વર્ષ દરમ્યાન એવરેજ ઈન્કમ ટેક્સ રિટર્ન પ્રોસેસિંગ ટાઈમ ૨૬ દિવસનો રહેવા પામ્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ દરમ્યાન ૭.૧૪ કરોડ રિટર્ન ભરવામાં આવ્યા હતા જે ગત વર્ષ નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ ના ૬.૯૭ કરોડના સાપેક્ષમાં ૧૫ લાખ જેટલો વધારો સૂચવે છે.

CGSTના ટેક્સ કલેક્શન અંગે વાત કરવામાં આવે તો ગત વર્ષ નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧માં CGST કલેક્શન ૪.૬ લાખ કરોડ રહેવા પામ્યું હતું જેના સાપેક્ષમાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨નું CGST કલેક્શન ૫.૯ લાખ કરોડ રહેવા પામ્યું છે. વર્ષ ૨૦૨૧ ૨૨ માં માસિક જી.એસ.ટી. કલેક્શનની એવરેજ ૧.૨૩ લાખ કરોડ રહેવા પામી હતી જે નાણાકીય વર્ષ ૨૦૨૦ ૨૧ ના ૦. ૯૫ લાખ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ ના ૧.૦૧ લાખ કરોડના સાપેક્ષમાં સારો એવો વધારો દર્શાવે છે. પ્રેસ રીલીઝમાં જણાવવામાં આવ્યું છે કે જી.એસ.ટી. હેઠળના રિટર્ન GSTR 3B ભરવાના પ્રમાણમા ૮૭% જેવી વૃદ્ધિ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં જોવામાં આવી છે જ્યારે આ જ ગાળા માટે જી.એસ.ટી. હેઠળના વેચાણના રિટર્ન એવા GSTR 1 ભરવાનું પ્રમાણ ૮૨% જેવુ રહ્યું છે. GSTR 3B તથા GSTR 1 ભરવા અંગેનો ગાળો નહિવત્ત થવા પામ્યો છે જે ખરેખર સરાહનીય બાબત ગણી શકાય. માર્ચ ૨૦૨૨માં ૨૫.૭ લાખ કરોડ જેવા ઇ વે બિલ બન્યા છે જે જાન્યુઆરી ૨૦૨૧ માં બનેલ ૧૬.૯ લાખ કરોડની સાપેક્ષમાં ખૂબ વધુ ગણાય. આ બાબત અર્થતંત્રમાં આવેલ તેજીનો સંકેત ગણી શકાય તેવું પ્રેસ રીલીઝમાં જણાવવામાં આવ્યું છે.

બજેટમાં ધારણા કરેલ ટેક્સ કલેક્શન કરતાં ઘણું વધુ ખરેખર થયેલ ટેક્સ કલેક્શન નાણાકીય વર્ષમાં થયું હોય, સરકાર પાસે વિકાસકામો માટે વધુ રકમ ઉપલબ્ધ રહેશે. ટેક્સ ભરવામાં સતત વધારો થઈ રહ્યો છે તેનું કારણ આ પ્રેસ વિજ્ઞપ્તિમાં દર્શાવેલ છે તેમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા કરવામાં આવેલ મહેનત ચોક્કસ ગણાય પરંતુ આ ઉપરાંત તેનું એક મોટું કારણ ટેક્સ ચુકવણી અંગે લોકોમાં આવેલ જાગરૂકતા પણ ગણી શકાય. વધુને વધુ ટેક્સ મેળવતી સરકાર દ્વારા દેશમાં વધુમાં વધુ વિકાસ કર્યો હાથ ધરવામાં આવે તે અત્યંત જરૂરી છે. વધુ ટેક્સ કલેક્શનના પગલે વિકાસના કામોમાં ઔર તેજી આવશે તેવી આશા કરદાતાઓ તથા આમ આદમી સરકાર પાસે રાખી રહ્યા છે.

ભવ્ય પોપટ, એડિટર ટેક્સ ટુડે

આ વેપારીઓ માટે આશીર્વાદરૂપ છે કંપોઝીશન સ્કીમ!!

નાણાકીય વર્ષ ૨૦૨૨ ૨૩ માટે કંપોઝીશન સ્કીમનો લાભ લેવા ૩૧ માર્ચ પહેલા અરજી કરવી છે જરૂરી

તા. ૨૮.૦૩.૨૦૨૨: જી.એસ.ટી. લાગુ કરવાનો મૂળ હેતુ વેપારીઓને સિમલેસ ક્રેડિટ મળી રહે તે હતો. પરંતુ જેમ જેમ જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટને લઈને મોટા કૌભાંડ પકડાઈ રહ્યા છે, તેમ તેમ જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર સરકાર દ્વારા આકરા નિયંત્રનો મૂકવામાં આવી રહ્યા છે. હાલ, જ્યારે વેપારીઓ માટે ઈન્પુટ ટેક્સ ક્રેડિટની જોગવાઈઓ સમજવામાં આવે ત્યારે એટલું ચોક્કસ સમજાય છે કે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લેવી એ સિમલેસ તો નથી જ રહી પરંતુ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મેળવવી એ લગભગ લોઢાંના ચણા ચાવવા જેવી મુશ્કેલ બાબત બની ગઈ છે. આ સમયે જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમની મહત્વતા સમજવી જરૂરી બની જાય છે. જી.એસ.ટી. કાયદા હેઠળ નાના વેપારીઓને કંપોઝીશન હેઠળ વેરો ભરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. B2C એટલેકે સીધા ગ્રાહકોને અથવા તો જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તેવા વેપારીને (અન્ય જી.એસ.ટી. હેઠળ નોંધણી ધરાવતા વેપારીઓને નહીં) માલનું વેચાણ કરતાં વેપારીઓ માટે કંપોઝીશન સ્કીમ આશીર્વાદ રૂપ સાબિત થઈ શકે છે. આજે આ લેખમાં જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમની વિવિધ જોગવાઈની ચર્ચા કરવામાં આવેલ છે.

જી.એસ.ટી. હેઠળ કેટલું ટર્નઓવર ધરાવતા વેપારીઓ કંપોઝીશન સ્કીમનો લાભ લઈ શકે છે?

માલનું ઉત્પાદન કે વેપાર કરતાં કરદાતાઃ

- પાછલા વર્ષમાં ૧.૫ કરોડથી સુધીનું ટર્નઓવર ધરાવતો કોઈ પણ વેપારી કંપોઝીશન સ્કીમનો લાભ લઈ શકે.
- મુખ્ય રીતે માલનું ઉત્પાદન કે વેચાણ કરતાં પરંતુ માલ સાથે થોડી સેવા પૂરી પડતાં વેપારીઓ માટે કુલ ટર્નઓવરના ૧૦% કે ૫ લાખ બે માંથી જે વધુ હોય તે રકમની સેવા પૂરી પાડતાં વેપારીઓ પણ કંપોઝીશનનો લાભ લઈ શકે છે.
- ઉલ્લેખનીય છે કે ૧.૫૦ કરોડનું ટર્નઓવર ગણવામાં એકજ PAN ઉપર રજિસ્ટર્ડ તમામ ધંધાનું ટર્નઓવર ગણવાનું રહે છે.

માત્ર કે મુખ્યત્વે સેવા પૂરી પાડતાં કરદાતા માટે સર્વિસ કંપોઝીશનનો વિકલ્પઃ

- માત્ર સેવા પૂરી પાડતા કે મુખ્યત્વે સેવા પૂરી પાડતાં કરદાતાઓ માટે સર્વિસ કંપોઝીશનનો વિકલ્પ રહેલો છે. આ વિકલ્પ અન્વયે ૫૦ લાખ સુધીનું ટર્નઓવર ધરાવતા નાના કરદાતાઓ આ વિકલ્પનો લાભ લઈ શકે છે.
- ઉલ્લેખનીય છે કે ૫૦ લાખનું ટર્નઓવર ગણવામાં એકજ PAN ઉપર રજિસ્ટર્ડ તમામ ધંધાનું ટર્નઓવર ગણવાનું રહે છે.

કંપોઝીશન હેઠળ પરવાનગી ધરાવતા વેપારીએ કટલી રકમ ટેક્સ તરીકે ભરવાની થાય?

- ઉત્પાદન સાથે જોડાયેલ વેપારીએ પોતાના કુલ ટર્નઓવર (કરમુક્ત સહિત) ઉપર ૧% (0.5% CGST + 0.5% SGST) લેખે જી.એસ.ટી. ભરવાનો રહે.
- માલના વેપાર સાથે જોડાયેલ વેપારીએ પોતાના કરપાત્ર ટર્નઓવર ઉપર ૧% (0.5% CGST + 0.5% SGST) લેખે જી.એસ.ટી. ભરવાનો રહે.
- સેવા સાથે જોડાયેલ સેવા કરદાતાઓએ 6% (3% CGST + 3% SGST) લેખે જી.એસ.ટી. ભરવાનો થાય.
- ઉપર દર્શાવેલ વેરા ઉપરાંત ટ્રાન્સપોર્ટેશન, વકીલ ફી, રોયલ્ટી જેવી જાહેર કરવામાં આવેલ સેવાઓ ઉપર રિવર્સ ચાર્જ મુજબ વેરો ભરવાની જવાબદારી આવે.

ક્યાં વેપારી કંપોઝીશનનો લાભ લઈ શકે નહીંઃ

- કંપોઝીશન સ્કીમનો લાભ મેળવવા અંગે ટર્નઓવર ઉપરાંત નીચેની બાબતોની ધ્યાને લેવી જરૂરી છે. નીચે દર્શાવેલ વેપારીઓ કંપોઝીશનનો લાભ લઈ શકે નહીં.
- આઈસ્ક્રીમ, પાન મસાલા તથા ટોબેકો (તમાકુ) ના ઉત્પાદકો
- આંતર રાજ્ય વેચાણ કરતાં વેપારીઓ.
- ઇ કોમર્સ (ઓનલાઈન) પોર્ટલ દ્વારા ખરીદ વેચાણ કરતાં વેપારીઓ
- જી.એસ.ટી. લાગુ ના હોય તેવી વસ્તુઓના વેપાર (પેટ્રોલ, ડીઝલ, લીકર વી.) સાથે જોડાયેલ કરદાતા કંપોઝીશનનો લાભ લઈ શકે નહીં.

કંપોઝીશનનો લાભ લેતા વેપારીઓ માટે મહત્વની શરતોઃ

- કંપોઝીશન કરદાતા ખરીદી ઉપરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો લાભ લઈ શકશે નહીં.
- કંપોઝીશન વેપારી વેચાણ સમયે કોઈ વેરો ઉઘરવી શકે નહીં.
- કંપોઝીશનના વેપારીએ પોતાના દુકાનના બોર્ડ ઉપર કંપોઝીશન ટેકસેબલ પર્સન એવું લખાવવું ફરજિયાત છે.
- કંપોઝીશનના વેપારીએ પોતાની બિલબુકમાં Composition Taxable Person Not Eligible to Collect Tax લખાવવું ફરજિયાત છે.

કંપોઝીશન હેઠળ પરવાનગીની અરજી ક્યારે કરવાની રહે?

- કોઈ પણ વેપારી નવો જી.એસ.ટી. નંબર મેળવવા અરજી કરે ત્યારે કંપોઝીશનની અરજી એ ફોર્મમાં જ કરવાની રહે છે. એક વાર જો આ ફોર્મમાં અરજી કરવાનું ચૂકી જાય તો ફરી એ વર્ષ માટે નવા નોંધણી મેળવનારને એ વર્ષ માટે કંપોઝીશનનો વિકલ્પ મળતો નથી. કોઈ વેપારીનો જી.એસ.ટી. નંબર ચાલુ હોય તેવા વેપારી, પછીના નાણાકીય વર્ષ માટે, નાણાકીય વર્ષ શરૂ થાય તે પહેલા આ અરજી કરી શકે છે. આ અરજી ૦૧ માર્ચથી ૩૧ માર્ચ વચ્ચે કરવાની રહે છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટેની અરજી કોઈ વેપારી ૩૧ માર્ચ ૨૦૨૨ પહેલા કરી શકે છે.

કંપોઝીશનની પરવાનગી માટે અરજી કરતાં પહેલા આ બાબતો અંગે રાખો ખાસ ધ્યાન

- એકજ PAN ઉપર એક થી વધુ જી.એસ.ટી. નંબર ધરાવતા હોય ત્યારે એક નંબર જી.એસ.ટી. હેઠળ કંપોઝીશનની પરવાનગી ધરાવતા હોય અને અન્ય જી.એસ.ટી. નંબર ઉપર રેગ્યુલર વિકલ્પ (કંપોઝીશન સિવાય)પસંદ કરેલ હોય તો કંપોઝીશનની પરવાનગી રદ થઈ જશે.
- જી.એસ.ટી. હેઠળ રેગ્યુલર (કંપોઝીશન સિવાય)ના વેપારી કંપોઝીશનનો વિકલ્પ પસંદ કરે તો ૩૧ માર્ચમાં સ્ટોકમાં રહેલ માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ રિવર્સ કરવાની રહે છે. આ સ્ટોક ઉપર તેની ટેક્સ ભરવાની જવાબદારી આવી શકે છે. આ માટે વેપારીએ ૦૧.૦૪ થી ૬૦ દિવસમાં ફોર્મ ITC 03 ભરવાનું રહે છે.

કેવા વેપારીઓ માટે કંપોઝીશન બની શકે છે ઉત્તમ વિકલ્પઃ

માત્ર B2C એટ્લે કે સીધા ગ્રાહકોને વેચાણ કરતાં અથવા જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ ના હોય તેવા વેપારીઓને વેચાણ કરતાં વેપારીઓ માટે કંપોઝીશન હેઠળ ટેક્સ ભરવો ઉત્તમ વિકલ્પ બની રહે છે. જે વેપારીઓનો ધંધાનો ગાળો પ્રમાણમા સારો હોય અને તેના માલ ઉપર લાગુ ટેક્સનો દર ૫%થી વધુ હોય તેવા વેપારીઓ માટે કંપોઝીશન સામાન્ય રીતે સારો વિકલ્પ સાબિત થતી હોય છે. આમ, ૧૨%, ૧૮% કે ૨૮% જેવા ઊંચા દરના માલનું B2C વેચાણ કરતાં કરદાતાઓ માટે સામાન્ય રીતે કંપોઝીશન સારો વિકલ્પ રહેતો હોય છે. સિમેન્ટ-મોબાઈલ જેવા ટૂંકા નફાના ગાળા વાળા માલ સાથે જોડાયેલ વેપારીઓ માટે કંપોઝીશનનો વિકલ્પ મોંઘો સાબિત થતો હોય છે. કોઈ વેપારી પોતાના માટે કંપોઝીશનનો વિકલ્પ સારો છે કે નહીં તેના માટે પોતાના એકાઉન્ટન્ટ અને જરૂર પડે તો પોતાના CA, ટેક્સ એડવોકેટ કે ટેક્સ કન્સલ્ટન્ટનો અભિપ્રાય લઈ શકે છે.

હાલની પરિસ્થિતીમાં શું છે કંપોઝીશનના વિકલ્પનો ખાસ લાભ?

હાલ, જી.એસ.ટી. હેઠળ ક્રેડિટ લેવી ખૂબ આકરી બની ગઈ છે. વેચનાર વેપારી દ્વારા પોતાનું વેચાણ સમયસર બતાવવામાં ના આવે અથવા તો વેરો ભરવામાં ચૂક કરવામાં આવે તો ખરીદનાર વેપારીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ આપવામાં આવતી નથી. છેલ્લા થોડા સમયમાં આવા અનેક કિસ્સા સામે આવી રહ્યા છે જ્યાં વેચનારના વાંકના કારણે નિર્દોષ ખરીદનાર વેપારી ઉપર મોટી રકમનો જી.એસ.ટી. નો બોજો જી.એસ.ટી. ડિપાર્ટમેંટ તરફથી ઉપસ્થિતિ કરવામાં આવ્યો હોય. ઘણા B2C સાથે વેપાર કરતાં કરદાતા એવા છે કે જેઓ કંપોઝીશનનો વિકલ્પ પસંદ કરે તો પણ રેગ્યુલર વિકલ્પ કરતાં તેમનો બોજો થોડો જ વધુ થતો હોય. આવા વેપારીઓ માટે કંપોઝીશનમાં જવા અંગે વિચરવું ખૂબ જરૂરી છે. કંપોઝીશનમાં જવાથી વેપારીની રિટર્ન ભરવાની, લેઇટ ફી ભરવાની, આકારણી કરાવવાની જવાબદારીમાં પણ ખૂબ ઘટાડો થતો હોય છે. આમ, નાના વેપારીઓ માટે જી.એસ.ટી. હેઠળ કંપોઝીશન સ્કીમ ચોક્કસ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે અને આ અંગે વિચરવું દરેક વેપારી માટે જરૂરી બની જાય છે.

(નાણાકીય વર્ષ ૨૦૨૨ ૨૩ માટેની અરજી જો કે હવે થઈ શકે નહીં)

MRPથી નીચે વેચાણ બાબતે ના કરવામાં આવે તકરારઃ કેરેલા રાજ્ય જી.એસ.ટી.

માલ વહન સમયે ઓછા મૂલ્ય બાબતે તકરાર કરી માલ જપ્ત ના કરવામાં આવે તેવી અધિકારીઓને સ્પષ્ટ સૂચના

તા. ૧૧.૦૪.૨૦૨૨: કેરેલા રાજ્ય જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ૦૬ એપ્રિલ ૨૦૨૨ ના રોજ પરિપત્ર ૬/૨૦૨૨ બહાર પાડી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે માલ વહન દરમ્યાન માલના ઓછા મૂલ્ય સંદર્ભે તકરાર કરી કોઈ માલ જપ્ત કરી શકાશે નહીં. આ સર્ક્યુલર કેરેલા હાઇકોર્ટના ૨૦૧૯ ના ચુકાદાને ધ્યાને લઈ બહાર પાડવામાં આવ્યો છે. આ સર્ક્યુલર બહાર પાડી રાજ્ય જી.એસ.ટી.ના અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે માલના ઓછા મૂલ્ય કે, MRPથી નીચે વેચાણ દર્શાવેલ છે તેવા કારણસર કોઈ વહન થતો માલ અથવા તો પાર્સલ એજન્સીમાં સંગ્રહિત માલ જપ્ત કરવા આદેશ કરી શકાશે નહીં. મોબાઈલ ચેકપોસ્ટ અધિકારીને જો કરદાતાના માલના મૂલ્ય બાબતે શંકા ઊભી થાય તો આ અંગે તેઓએ કરદાતાના ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારીને જાણ કરવાની રહેશે. આ ક્ષેત્રાધિકાર ધરાવતા અધિકારી દ્વારા આ મુદ્દાની ચકાસણી કરવાની રહેશે. કેરેલા જી.એસ.ટી. દ્વારા આ સર્ક્યુલરમાં એમ જણાવાયું છે કે આ પ્રકારની અધિકારીની કામગીરીના કારણે ઘણી તકરારો ઊભી થઈ હતી અને નાહકના કેસો વિવિધ કોર્ટમાં દાખલ થયા હતા. આમ ના થાય આ કારણે આ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટના તથા હાઇકોર્ટના આદેશને ધ્યાને લઈ કાયદામાં આથી વિરુદ્ધ જોગવાઈ દાખલ કરવાના દાખલા ઘણી વાર જોવા મળી રહે છે. પરંતુ કોર્ટના આદેશને સ્વીકારી અન્ય કરદાતાઓને તકલીફ ના પડે અને નાહકની તકરારોના ઊભી થાય તેવા પરીપત્રો બહાર પાડવામાં આવે તેવા દાખલા જૂજ જોવા મળતા હોય છે. કેરેલા રાજ્ય જી.એસ.ટી. નો આ પરિપત્ર કરદાતાઓ માટે ખરેખર આવકારદાયક ગણાય. ગુજરાત સહિત અન્ય રાજ્યોના વેપારીઓની રોજબરોજની ચિંતા ઓછી કરવા આ પ્રકારના સર્ક્યુલર અન્ય રાજ્યો દ્વારા બહાર પાડવામાં આવે તેવી આશા વેપારીઓ સેવી રહ્યા છે.

ભવ્ય પોપટ, ટેક્સ ટુડે

૧ એપ્રિલ ૨૦૨૨થી ફ્લાય એશ અને બ્રિક્સ, રૂફિંગ ટાઈલ્સ પર વેરાના દરમાં મહત્વનો ફેરફાર

૧ એપ્રિલ ૨૨થી ફ્લાય એશ અને બ્રિક્સ, રૂફિંગ ટાઈલ્સ પર વેરાના દરમાં ફેરફાર બાબત

તા. ૦૨.૦૪.૨૦૨૨ તા. ૩૧/૩/૨૦૨૨ સુધી ફ્લાય એશ અને બ્રિક્સ, રૂફિંગ ટાઈલ્સ અનુસૂચિ ૧ ની ૫% એન્ટ્રી ૨૨૫,૨૨૬,૨૨૭, ૨૨૮ હતી તેને રદ કરીને નવી એન્ટ્રી ૧૭૬એ,બી,સી,ડી,ઇ, દાખલ કરેલ છે અને જેના વેરાનો કુલ દર ૧૨% કરેલ છે અને જેનો અમલ તા. ૧/૪/૨૦૨૨ થી છે આ માટે નોટિફિકેશન નં ૧/૨૦૨૨ સીજીએસટી (રેટ) ધ્વારા બહાર પાડેલ છે.

હવે ઉપરોકત નોટિફિકેશન જોડે નોટિફિકેશન નં.૨/૨૦૨૨ સીજીએસટી (રેટ) ધ્વારા બહાર પાડેલ છે તેમાં ફ્લાય એશ અને બ્રિક્સ, રૂફિંગ ટાઈલ્સ ના દરમાં ઘટાડો કરીને શરતી વેરાના દરમાં ઘટાડો કરેલ છે એટલેકે વેરા નો કુલ દર ૬% કરેલ છે જે માટે બે શરતોનું પાલન આવશ્યક છે.

(a) આવા સપ્લાયમાં વિશિષ્ટ રીતે ઉપયોગમાં લેવાતા માલ અથવા સેવાઓ પર વસૂલવામાં આવતા ઇનપુટ ટેક્સની ક્રેડિટ માલ લેવામાં આવ્યો નથી. ટૂકમાં ફ્લાય એશ કે બ્રિક્સ બનાવનારે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધી ન હોવી જોઈએ

(b) આવા સપ્લાય માટે આંશિક રીતે ઉપયોગમાં લેવાતા માલ અથવા સેવાઓ પર વસૂલવામાં આવતા ઇનપુટ ટેક્સની ક્રેડિટ માલસામાન અને અંશતઃ ઇનપુટ ટેક્સ ક્રેડિટ માટે પાત્ર અન્ય પુરવઠાને અસર કરવા માટે છે જેમ કે માલસામાનનો પુરવઠો એ મુક્તિ પુરવઠો છે અને તેની જોગવાઈઓને આકર્ષે છે સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એક્ટ, ૨૦૧૭ (૧૨) ની કલમ ૧૭ની પેટા-કલમ (૨) (૨૦૧૭) અને તેના હેઠળ બનાવેલા નિયમો. ટૂકમાં ફ્લાય એશ અને બ્રિક્સ સાથે અન્ય વેરાપાત્ર માલ બનાવતા હોય તો જેટલી ફ્લાય એશ અને બ્રિક્સ ના ઉત્પાદન માં વાપરેલ માલસામાન જેટલી ક્રેડિટ નો ઘટાડો કરેલ હોવો જોઈએ.

ટૂકમાં ફ્લાય એશ, બ્રિક્સ, રૂફિંગ ટાઈલ્સ પર ૧૨% વેરાનો દર લાગે પરંતુ જો આવા માલ બનાવવા માટે માલ ની ટેક્ષ ક્રેડિટ ન લેતો તેના પર ૬% મુજબ નો વેરો લાગે. વધુમાં જે રિસેલર છે તેમણે ૧૨% મુજબ વેરાનો દર લાગશે તેવું મારૂ મંતવ્ય છે.

અમિત સોની (ટેક્ષ એડવોકેટ)૯૮૨૪૭૦૧૧૯૩ (લેખક જાણીતા ટેક્સ એડવોકેટ છે અને નડિયાદ ખાતે ટેક્સેશન ઉપર પ્રેક્ટિસ કરે છે. લેખમાં રજૂ કરવામાં આવેલ અભિપ્રાય લેખકના અંગત અભિપ્રાય છે.)

પગારદાર કરદાતાએ આવકવેરા રિટર્નમાં બતાવેલ કપાતોની વિસંગતતા આવે તો પુરાવા આપવા પડશે

કરદાતા દ્વારા જ્યારે પોતાના નોકરીદાતાને રોકાણની વિગતો આપવામાં ના આવી હોય અને રિટર્નમાં ફોર્મ ૧૬માં દર્શાવેલ રોકાણ કરતાં વધુ રોકાણ દર્શાવેલ હોય તો ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા આપવામાં આવી શકે છે નોટિસ!!

તા. ૨૪.૦૩.૨૦૨૨: તાજેતરમાં આકારણી વર્ષ ૨૧-૨૨ નુ જે કરદાતાએ આવકવેરા રિટર્ન ભરેલ છે અને કલમ ૬ (એ) એટલેકે કરદાતાએ ફોર્મ ૧૬ માં જણાવેલ કપાતોની રકમ કરતાં વધુ હશે એટ્લે કે કર્મચારી દ્વારા આવકવેરા કાયદાની ગણતરી વખતે કપાતોની વિગતો કામે રાખનારને આપવામાં આવતી નથી અને તે મુજબ ટીડીએસ કાપવામાં આવે છે તો આવા કિસ્સામાં આવકવેરા ખાતાના રિસ્ક મેનેજમેંટ દ્વારા ફોર્મ ૧૬માં જણાવેલ કપાત અને રિટર્નમાં બાદ માંગેલ કપાતોમાં વિસંગતતા આવેથી ઈમેલથી આવકવેરા ખાતા દ્વારા કપાતોની વિગતની ખરાઈ માટે પુરાવા મંગાવવામાં આવે છે અન્યથા રિવાઈઝ રિટર્ન ભરવાનું જણાવવામાં આવે છે.

આવા ઈમેલના જવાબ માટે ઈન્કમટેક્સ રિટર્ન ઈફાઈલિંગ સાઈટમાં-પેન્ડિંગ વર્ક લિસ્ટ-રિસ્પોન્સ ફોર રિફંડ કન્ફર્મેશન-પર જઈ કપાતોના પુરાવા આપવાના છે. આવો ઇ મેઇલ મળેથી દિન ૩૦ માં જવાબ આપવાનો છે અન્યથા રિટર્ન રિવાઈઝ કરવુ પડશે. મોટાભાગે કર્મચારી દ્વારા કામે રાખનારને ટીડીએસની ગણતરી સમયે કપાતોના પુરાવા આપવામાં આવતા નથી અને પછીથી રિટર્ન ભરતી વખતે ક્લેઇમ કરીને રિફંડ માંગવામાં આવે છે તો આવા કિસ્સામાં આવા ઇ મેઇલ આવેથી તેના પુરાવા આપવા પડશે તો જ રિફંડ આપવામાં આવશે.

આમ રિટર્ન ભરતી વખતે અધર્સ લખીને કપાતની રકમ ન લખવી અને ફોર્મ ૧૬ કપાતોની મેળવણી હિતકારી છે અન્યથા આવા બિનજરૂરી ખુલાસા આપવાની નોબત આવી શકે છે.

અમિત સોની (ટેક્ષ એડવોકેટ)

ઈ-ઈન્વોઈસ ન બનાવવા ભંગ બદલ દંડની જોગવાઈ વિશેની સમજ...

તા ૧/૪/૨૦૨૨ થી પાછલા વર્ષમાં ૨૦/- કરોડ થી વધુ ટર્નઓવર ધરાવતા વેપારીઓ ધ્વારા પોતાના બીટુબી જીએસટી હેઠળ નોધાયેલા કરદાતા માટેના બિલો ઇ-ઇન્વોઇસ પદ્ધતિ થી બનાવવાના છે પરંતુ આ ઇ - ઇન્વોઇસ ન બનાવે તો તેના ભંગના દંડ ની જોગવાઈ વિશે સમજીશું.

(૧) કલમ ૧૨૨ હેઠળ એટલે કે અયોગ્ય અથવા ખોટું ઇન્વોઇસ કાઢવાના ના ગુના હેઠળ દંડ થઈ શકે કા.કે. જો ઇ- ઇન્વોઇસ સિવાય અન્ય કોઈ રીતે બિલ બનાવે તો બિલ ગણાશે નહીં તેમ કાયદામાં સ્પષ્ટ જણાવેલ છે માટે રૂ. ૧૦,૦૦૦/- અથવા બિલ દર્શાવેલ વેરાની રકમ, બે માથી જે વધુ હોય તેટલી દંડ ની રકમ ચુકવવાની રહેશે.

(૨) કલમ ૧૨૯ (૧) હેઠળ એટલે કે માલને લગતા દસ્તાવેજ લઈ જવા માટે ભંગ બદલ એટલે કે જો ઇ- ઇન્વોઇસ ન બનાવેલ હોય તો, - માલને લગતા દસ્તાવેજ ના ભંગ માટે વેપારી વેરો અને દંડ ની ચુકવણી માટે તૈયાર હોય તો વેરો અને આવા માલ પર ચૂકવવાપાત્ર વેરાના ૧૦૦% સમકક્ષ દંડ અથવા રૂા. ૨૫૦૦૦/-, બે માથી જે ઓછું હોય તેટલી દંડની રકમ ચુકવવાની રહેશે. - માલને લગતા દસ્તાવેજ ના ભંગ માટે વેપારી વેરો અને દંડ ની ચુકવણી માટે તૈયાર ન હોય તો વેરો અને માલ પર ચૂકવેલી રકમ ઘટાડીને, માલની કિમતના ૫૦% સમકક્ષ દંડ અથવા રૂ. ૨૫૦૦૦/-, બે માથી જે ઓછું હોય તેટલી દંડની રકમ ચુકવવાની રહેશે.

(૩) ઉપરોક્ત (૧) અને (૨)માં છટકી જાય તો પણ ખરીદનાર વેપારીને કલમ ૧૬ (૨) મુજબ ઇ-ઇન્વોઇસ ના ભંગ બદલ બિલ માન્ય ન હોઈ ખરીદનાર ને વેરાશાખ મળશે જ નહીં.

અમિત સોની (ટેક્ષ એડવોકેટ) ૯૮૨૪૭૦૧૧૯૩

આમ હવે ઇ-ઇન્વોઇસ લાગુ પડતા વેપારીઓએ ઇ-ઇન્વોઇસ અવશ્ય બનાવવું પડશે. અન્યથા મોટા દંડ ચૂકવવાની નોબત આવશે અને વેરાશાખ પણ ખરીદનાર ને નહીં મળે.. કોઈપણ સંજોગોમાં મેન્યુઅલ બિલ નહીં ચાલે...

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે મા

શું ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી સતત આવી રહ્યા છે મેસેજ? શું છે કારણ આ મેસેજનું?

શું આ મેસેજ મુશ્કેલીનો સંકેત છે? અથવા કરી શકાય આ મેસેજને ઈગનોર?

તા. ૨૧.૦૩.૨૦૨૨:ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી કરદાતાઓને વિવિધ પ્રકારે મેસેજ મોકલવામાં આવતા હોય છે. આ મેસેજ કરદાતાને પોતાના રિટર્ન ભરવાની યાદ અપાવવા, એડ્વાન્સ ટેક્સ ભરવાની યાદ અપાવવા, કરદાતાના કોઈ મોટા વ્યવહારની માહિતી ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ પાસે છે તેની માહિતી આપવા, આધાર-PAN લિન્ક કરાવવાની બાબતો માટે આપવામાં આવતા હોય છે. આ ઉપરાંત કરદાતાને કોઈ નોટિસ કે પત્ર પાઠવવામાં આવ્યો હોય ત્યારે આ મેસેજ આવતા હોય છે. હમણાં થોડા સમયથી કરદાતાને આવતા આ મેસેજની સંખ્યામાં ખૂબ મોટા પ્રમાણમા વધારો થયો છે. ટેક્સ પ્રોફેશનલ્સને રોજ ઘણા અસીલો આ મેસેજ ફોરવર્ડ કરી પૂછતાં હોય છે કે શું છે આ મેસેજનું કારણ? કેમ આવે છે આ મેસેજ? કેવી રીતે રોકી શકાય છે આ મેસેજ ને?. ટેક્સ પ્રોફેશનલ્સ પછી તે CA હોય, એડવોકેટ હોય કે ટેક્સ કન્સલ્ટન્ટ હોય અસીલોને મેસેજ વાંચી આ અંગે પોતાની સલાહ આપતા હોય છે. પરંતુ જે કરદાતાઓ એવા છે જેઓ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા નથી લઈ રહ્યા તેઓ માટે આ મેસેજ વધુ દ્વિધા રૂપ બની જતાં હોય છે. આજે આ લેખમાં કરદાતાઓના સામાન્ય પ્રશ્નો અને તેના સમાધાન આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

કેવા પ્રકારના મેસેજ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા મોકલવામાં આવતા હોય છે?

સામાન્ય રીતે ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા નીચે મુજબની બાબતો માટે જખજ મોકલવામાં આવતા હોય છે.

૧. ઈન્કમ ટેસ્ક રિટર્ન ભરવા યાદી અપાવવા:

કરદાતાઓને સૌથી વધુ મેસેજ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવાની યાદી અપાવવા આપવામાં આવતા હોય છે. ખાસ કરીને માર્ચ મહિનામાં પાછલા વર્ષનું રિટર્ન ભરવાનો છેલ્લો મહિનો હોય ત્યારે આ પ્રકારના મેસેજ સૌથી વધુ આવતા હોય છે. ઈન્કમ ટેક્સ હેઠળ વ્યક્તિગત કે HUF કરદાતાઓએ જો તેમની આવક ટેક્સેબલ લિમિટથી વધુ (૨,૫૦,૦૦૦ થી વધુ) હોય તો જ તેઓએ ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. આ સિવાયના મોટાભાગના કરદાતાઓએ આવક હોય કે ના હોય રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ PAN ડેટાબેઈઝને ધ્યાને લઈ જે કરદાતાઓ દ્વારા રિટર્ન ભરવામાં ના આવ્યું હોય તેવા તમામ કરદાતાઓને મેસેજ મોકલતું હોય છે. જો કે ક્યારેક એવું પણ બનતું હોય છે કે ટેકનિકલ કારણોસર રિટર્ન ભર્યું હોય તો પણ આ મેસેજ કરદાતાને મોકલવામાં આવ્યો હોય. પરંતુ આ મેસેજ આવ્યો હોય તો કરદાતા દ્વારા એ તપાસ કરી લેવી જરૂરી છે કે તેઓનું રિટર્ન ભરાયા બાદ ઇ વેરિફાય થઈ ગયું છે કે નહીં. જે કરદાતા એવા છે જેઓની આવક કરપાત્ર મર્યાદાથી ઓછી છે તેઓ આ મેસેજને ઈગનોર કરી શકે છે. જે કરદાતા એવા છે કે જેઓની આવક કરમુક્તિ મર્યાદાથી વધુ છે, અને તેઓનું રિટર્ન ભરવાનું બાકી હોય તો આ મેસેજની ગંભીરતા સમજી ચોક્કસ પોતાનું ઈન્કમ ટેક્સ ભરી આપવું જોઈએ.

૨. ઇ વેરિફિકેશન અંગેના મેસેજ:

કોઈ કરદાતા દ્વારા જ્યારે ઈન્કમ ટેક્સ રિટર્ન ભરી આપવામાં આવ્યું હોય ત્યાર બાદ તે રિટર્નને ઇ વેરીફાય કરવાનું રહે છે. કરદાતા આધાર OTP વડે, બેન્ક EVC દ્વારા આ રિટર્ન ઇ વેરીફાય કરી શકે છે. કોઈ ટેકનિકલ ક્ષતિઓના કારણે જો આ રિટર્ન ઇ વેરિફાય ના થઈ શકે તેમ હોય તો કરદાતાએ આ રિટર્ન સહી કરી રિટર્ન ભર્યા તારીખથી ૧૨૦ દિવસની અંદર ઈન્કમ ટેક્સ CPC બેંગલુરુ મોકલી આપવાનું રહેતું હોય છે. જો રિટર્ન ભર્યા બાદ ઇ વેરિફિકેશન બાકી હોય તો પણ ઈન્કમ ટેક્સ તરફથી મેસેજ મોકલવામાં આવતા હોય છે. આ મેસેજને ગંભીરતાથી લઈ રિટર્ન ઇ વેરિફાય કરવું જરૂરી છે. આમ, ૧૨૦ દિવસમાં રિટર્ન ઇ વેરિફાય ના કરવામાં આવે તો ઈન્કમ ટેક્સ રિટર્ન ઈનવેલીડ (રદ) થઈ જતું હોય છે. આમ, આ મેસેજ તમામ કરદાતાઓ એ ગંભીરતાથી લેવો જોઈએ.

૩. સિગ્નિફિકંટ ફાઈનાન્શિયલ ટ્રાન્સેકશન (SFT) અંગેના મેસેજ:

હાલ થોડા સમયથી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના સિગ્નિફિકંટ ફાઈનાન્શિયલ ટ્રાન્સેકશન અંગેના મેસેજ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા મોકલવામાં આવી રહ્યા છે. આ મેસેજ કરદાતા દ્વારા કરવામાં આવેલ મોટા નાણાકીય વ્યવહાર સબંધી છે. કરદાતા દ્વારા મોટી રકમ બેન્કમાં જમા કરવામાં આવી હોય, મોટી રકમનું કમિશન મેળવવામાં આવ્યું હોય, મોંઘી સ્થાવર મિલ્કત કે મોટર કાર લેવામાં આવી હોય તેવા કિસ્સામાં આ પ્રકારના મેસેજ મોકલવામાં આવતો હોય છે. જો કોઈ વ્યક્તિએ આ પ્રકારના વ્યવહાર કર્યા હોય તો આ મેસેજને સામાન્ય ગણી શકે છે. આવ વ્યક્તિ ઓનલાઈન લોગિન કરી આ વ્યવહારોનો સ્વીકાર કરી શકે છે. પરંતુ કોઈ વ્યક્તિએ આ પ્રકારના વ્યવહારો કર્યા ના હોય તો પણ આ મેસેજ આવ્યો હોય ત્યારે આ મેસેજની ગંભીરતા સમજી તેનો યોગ્ય પ્રતિઉત્તર ટેક્સ પ્રોફેશનલ્સની મદદ લઈ આપવી દેવો જોઈએ.

૪. આધાર PAN લિન્ક કરવા અંગેના મેસેજ:

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ કરદાતાના આધાર કાર્ડને PAN કાર્ડ સાથે લિન્ક કરવાની છેલ્લી તારીખ ૩૧ માર્ચ ૨૦૨૨ છે. આ યાદ અપાવવા હાલ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ તરફથી મેસેજ મોકલવામાં આવે છે. મહદ્અંશે જેમના આધાર-PAN લિન્ક નથી તેવા કરદાતાઓ નેજ આ પ્રકારના મેસેજ આવતા હોય છે. જો કોઈ કરદાતાએ આધાર-PAN લિન્ક કરાવવાનું બાકી હોય તો ચોક્કસ આ મેસેજ ધ્યાને લઈ આધાર-PAN લિન્ક કરવી આપવું જોઈએ. આધાર-PAN કોઈ તફાવતના કારણે લિન્ક ના થતું હોય તો આ તફાવતમાં સુધારો કરવા પ્રયાસો કરવા જરૂરી છે.

૫. શું ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના મેસેજ બંધ કરવી શકાય નહીં?

આ સવાલ ઘણી વાર એક ટેક્સ એડવોકેટ તરીકે મને પુછવામાં આવતો હોય છે. આ બાબતે અમે અસીલોને જણાવતા હોઈએ છીએ કે આ પ્રકારના મેસેજ એ ટ્રાન્સેકશનલ મેસેજ છે. આ મેસેજ DND (ડુ નોટ ડિસ્ટર્બ) થી પણ બંધ કરી શકાય નહીં. પરંતુ આ મેસેજનો અર્થ સમજી ક્યાં મેસેજની ગંભીરતા કેટલી છે તે જાણી યોગ્ય પગલાં લેવા કરદાતા માટે જરૂરી છે. આ મેસેજથી ટેન્શનમાં આવી જવાનું કોઈ કારણ નથી. હા, આ બાબતે જરૂર જણાય ત્યાં ટેક્સ પ્રોફેશનલ જેવા કે ટેક્સ એડવોકેટ, CA કે ટેક્સ કન્સલ્ટન્ટની સલાહ લેવી જોઈએ.

ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે

ઈમ્પોર્ટન્ટ જજમેન્ટટ વિથ ટેક્સ ટુડે

ખોટી રીતે કરદાતાની નોંધણી દાખલાની અરજી રદ કરવા બદલ લાદવામાં આવ્યો ૧૫૦૦૦નો દંડ

રંજના સિંધ વી કમિશ્નર સ્ટેટ ટેક્સ

સલગ્ન કાયદો: ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, ૨૦૧૭
ચુકાદો આપનાર ફોરમ: અલહાબાદ હાઈકોર્ટ
માનનીય જજ: પિયુષ અગ્રવાલ
કરદાતા વતી વકીલ: આલોક કુમાર
સરકાર વતી વકીલ: એ. સી. ત્રિપાઠી
ચુકાદા તારીખ: ૩૦ માર્ચ ૨૦૨૨

કેસની હકીકતો:

- કરદાતા નોકરી અપાવવાની સેવા પૂરી પાડવાના વ્યવસાયમાં રોકાયેલા હતા.
- તેઓ દ્વારા ૧૭.૦૮.૨૦૨૧ ના રોજ જી.એસ.ટી. નોંધણી મેળવવાની અરજી કરવામાં આવેલ હતી.
- નોંધણી દાખલા અરજીના અનુસંધાને કરદાતાના ધંધાના સ્થળની ૧૫.૦૯.૨૦૨૧ ના રોજ સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી.
- આ સ્થળ તપાસ બાદ વધારાની વિગતો કરદાતા પાસેથી માંગવામાં આવી હતી. કરદાતા દ્વારા આ વિગતો આપી જવાબ રજૂ કરવામાં આવ્યો હતો.
- આ જવાબ સામે અધિકારી દ્વારા ૨૩.૦૯.૨૦૨૧ ના રોજ નોંધણી દાખલા માટેની અરજી નકરવામાં આવી હતી.
- અધિકારીના આદેશ સામે કરદાતા દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ અપીલ ૨૮.૧૦.૨૦૨૧ના રોજ અપીલ અધિકારી દ્વારા અપીલમાં કરદાતા વિરુદ્ધ આદેશ પસાર કરવામાં આવ્યો હતો.
- આ અપીલ આદેશ સામે તથા અધિકારીના આદેશને આ રિટ પિટિશન દ્વારા પડકારવામાં આવ્યો છે.

કરદાતા તરફે રજૂઆત:

- કરદાતા દ્વારા જી.એસ.ટી. કાયદાની કલમ ૨૫ હેઠળ તથા જી.એસ.ટી. નિયમના નિયમ ૮ તથા ૯ હેઠળ જરૂરી તમામ સાહિત્યો સાથે અરજી કરવામાં આવી હતી.
- PAN કાર્ડ, આધાર કાર્ડ, ઘર વેરા રિસીપ્ટ જેવા તમામ સાહિત્યો અરજીમાં ઓનલાઈન આપવામાં આવ્યા હતા તથા આ પુરાવાઓ સ્થળ તપાસ સમયે અધિકારીને રજૂ કરવામાં આવ્યા હતા.
- કાયદા તથા નિયમોમાં જરૂરી તમામ દસ્તાવેજો આપ્યા હોવા છતાં, અરજી તથા અપીલ કોઈ પણ વિગતવાર કારણ દર્શાવ્યા વગર રદ્દ કરવામાં આવી છે.

કોર્ટનો ચુકાદો:

- જી.એસ.ટી. હેઠળ કલમ ૨૫ સાથે નિયમ ૮ અને ૯ સાથે વાંચવા છે જરૂરી.
- આ જોગવાઈઓનું વાંચન કરતાં કરદાતા પાસે PAN હોવો જરૂરી છે.
- આ કેસમાં PAN ઉપરાંત, આધાર કાર્ડ, ધંધાની જગ્યાના પુરાવા પણ આપવામાં આવ્યા છે.
- જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ધંધાના સ્થળની સ્થળ તપાસ પણ કરવામાં આવી હતી. જે સ્થળ તપાસમાં કોઈ વાંધાજનક બાબત બહાર આવી ના હતી.
- ત્યારબાદ કરદાતાને વધુ પુરાવા રૂપે ધંધાની જગ્યાના પુરાવા તરીકે ઈલેક્ટ્રીક બિલ/વેરા પહોંચ અથવા અન્ય કોઈ પુરાવા આપવા જણાવવામાં આવ્યું હતું.
- કરદાતાએ ધંધાના જગ્યાની વેરા પહોંચ આપી હોવા છતાં, ઈલેક્ટ્રીક બિલ ના હોવાના કારણે નોંધણી દાખલા મેળવવાની અરજી નામંજૂર કરવામાં આવી હતી.
- આ બાબતે કરદાતા દ્વારા અપીલ હાથ ધરતા તેઓને અપીલ અધિકારી દ્વારા કોઈ રાહત આપવામાં આવી ના હતી.
- પ્રોપર ઓફિસર કે અપીલ અધિકારી દ્વારા કરદાતાને કોઈ પણ શબ્દ ઉચ્ચાર્યા વગર કે કારણ આપ્યા વગર કરદાતાની અરજી રદ કરી આપવામાં આવી છે. ઘર વેરાની પહોચ આપી હોવા છતાં અધિકારી દ્વારા કરદાતા પાસે ઈલેક્ટ્રીક બિલનો આગ્રહ રાખવામા આવ્યો હતો જે કાયદાની દ્રષ્ટિએ યોગ્ય નથી.
- કરદાતાએ સ્પષ્ટ પણે અરજી તથા અપીલમાં જણાવેલ છે કે તેઓ ધંધાની જગ્યાના માલિક છે.
- PAN, Aadhar તથા ઘરવેરા પહોંચ અરજી સાથે આપી હોવા બાદ અધિકારી દ્વારા ઈલેક્ટ્રીક બિલનો આગ્રહ કરી શકાય નહીં.
- કોઈ શરતચૂક કે કાયદાનો ભંગ થયો ના હોય તેવા સંજોગોમાં કરદાતાને પોતાનો ધંધો કયદાકીય રીતે ચલાવવાનો પૂરો હક્ક છે.
- કરદાતાનો ધંધો જપ્ત કરવાનો કોઈને બિનકાયદાકીય રીતે તથા એક તરફી રીતે રોકવાનો કોઈને અધિકાર નથી.
- કરદાતા દ્વારા પૂરા પાડવામાં આવેલ વિગતો ધ્યાને લેતા તેઓ દ્વારા કાયદાકીય રીતે જરૂરી તમામ વિગતો પૂરી પાડવામાં આવી હતી.
- આ આદેશ પસાર કરવા સાથે કોર્ટ દ્વારા એવું સ્પષ્ટ રીતે નોંધવામાં આવે છે કે, રાજ્ય વેરા હેઠળના બન્ને અધિકારીઓ કરદાતાને હેરાન કરવા તેઓની અરજી રદ્દ કરેલ છે તેવું ફલિત થાય છે. આ બાબત ક્યારે પણ સ્વીકારી શકાય નહીં. અધિકારીઓનું આ વલણ ક્યારેય ચલાવી શકાય નહીં. રાજ્ય વેરા અધિકારી દ્વારા કાયદા તથા નિયમોને ધ્યાને લઈ નિર્ણય લેવા જરૂરી છે.
- અધિકારીનો તારીખ ૨૩.૦૯.૨૦૨૧નો આદેશ તથા ૨૮.૧૦.૨૦૨૧ ના અપીલના આદેશ કાયદાની દ્રષ્ટિએ ટકી શકે નહીં. અધિકારી દ્વારા આ આદેશ મળ્યાના ૭ દિવસમાં રજૂ કરવામાં આવેલ દસ્તાવેજો ધ્યાને લઈ નોંધણી દાખલા અંગે કાયદા અને નિયમોને ધ્યાને લઈ આદેશ કરવામાં આવે.
- આ રિટ પિટિશન વળતર સાથે મંજૂર રાખવામા આવે છે અને રિસ્પોનડંટ દ્વારા ૧૫૦૦૦/- વળતર પેટે ચૂકવવા આદેશ કરવામાં આવે છે.
- રિસ્પોનડંટ આ વળતરની રકમ અધિકારીઓ પાસેથી વસૂલ કરી શકે છે.

(સંપાદક નોંધ: જી.એસ.ટી. હેઠળ નોંધણી દાખલો મેળવવો હાલ લોઢાંના ચણા ચાવવા જેવુ મુશ્કેલ કામ બની ગયું છે. ચેનકેન રીતે કરદાતાઓની અરજી એક યા બીજા કારણોસર રદ્દ કરવામાં આવતી હોય છે. આ બાબત ઉપર ખુબજ ઉપયોગી ચુકાદો છે.)

આ ચૂકદાઓનું અર્થઘટન ભવ્ય પોપટ (એડવોકેટ તથા એડિટર-ટેક્સ ટુડે) ના અંગત અર્થઘટન છે.

ઈનપુટ ટેક્સ ક્રેડિટને લઈને ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

તા. ૦૪.૦૪.૨૦૨૨: દેશભરના કરદાતાઓને સિમલેસ ક્રેડિટ મળી રહે તે હેતુ સાથે ૦૧ જુલાઇ ૨૦૧૭ થી જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હતો. સિમલેસ ક્રેડિટ નો આ હેતુ જી.એસ.ટી.ને માર્ગદર્શન આપતી જી.એસ.ટી, કાઉન્સીલ તથા જી.એસ.ટી.નું નિયમન કરતી CBIC ભૂલી ગઈ હોય તેવું સતત પ્રતીત થઈ રહ્યું છે. કરદાતાને મળતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કેવી રીતે રોકવી એ લગતા અનેક પ્રવધનો તથા નિયમો જી.એસ.ટી. કાયદા તથા નિયમોમાં સતત ઉમેરવામાં આવી રહ્યા છે. જી.એસ.ટી. હેઠળ સાથે મળી ચોરી કરતાં ખરીદનાર તથા વેચનારાઓના કારણે હાલ પ્રમાણિક કરદાતાઓએ ભોગ બનવાનો વારો આવી રહ્યો છે. આ પ્રકારની એકતરફી તથા કુદરતી ન્યાય વિરુદ્ધની જોગવાઈ સામે ગુજરાત હાઈકોર્ટ દ્વારા એક મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જી.એસ.ટી. હેઠળના કરદાતાઓ માટે આ ચુકાદો ખાસ ઉપયોગી બનશે તેવી આશા.

ન્યુ નલબંધ ટ્રેડર્સ વી. ગુજરાત રાજ્ય અને અન્યો

સલગ્ન કાયદો: ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, ૨૦૧૭
ચુકાદો આપનાર ફોરમ: ગુજરાત હાઈકોર્ટ
માનનીય જજ: જસ્ટિસ જે.બી. પારડીવાલા તથા જસ્ટિસ નિશા ઠાકોર
કરદાતા વતી વકીલ: હાર્દિક મોઢ
સરકાર વતી: સરકારી વકીલ
ચુકાદા તારીખ: ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨

કેસની હકીકતો:

કરદાતા માલિકી ધોરણે પાછલા ૩ વર્ષથી MS સ્ક્રેપનો ધંધા સાથે સલગ્ન હતા. તેઓ દ્વારા ૨૨.૧૨.૨૦૨૦ અને ૨૧.૦૩.૨૦૨૧ ના રોજ મે. અનમોલ એન્ટરપ્રાઇઝ પાસેથી ખરીદી કરવામાં આવેલ હતી. ખરીદનાર-રિટ એપ્લિકંટ દ્વારા વેચનાર પાસેથી ટેક્સ ઈંવોઇસ, ટ્રાન્સપોર્ટ રસીદ, ઇ વે બિલ વગેરે જરૂરી કાગળો આપવામાં આવ્યા હતા. આ બિલો GSTR 2A માં દર્શાવતા હતા. અધિકારી દ્વારા જી.એસ.ટી. નિયમ 86Aની સત્તાનો ઉપયોગ કરી ૯૭ લાખ ઉપરની ક્રેડિટ બ્લોક કરી આપવામાં આવી હતી. આ ક્રેડિટ બ્લોક કરવાનું કારણ અણમોલ એન્ટરપ્રાઇઝની ખરીદી દર્શાવવામાં આવેલ હતી. કરદાતાને ૨૮.૦૭.૨૦૨૧ ના રોજ SMS તથા ઇ મેઈલ દ્વારા જાણ કરવામાં આવી હતી. જી.એસ.ટી. પોર્ટલ ચેક કરતાં જાણવા મળ્યું હતું કે ઈન્પુટ ટેક્સ બ્લોક કરવા અંગે કોઈ કારણ અધિકારી દ્વારા દર્શાવવામાં આવ્યું ના હતા.

કરદાતા તરફે રજૂઆત:

કરદાતા તરફે રજૂઆત કરવામાં આવી હતી કે નિયમ 86A હેઠળ ક્રેડિટ બ્લોક કરવામાં આવેલ હોય ત્યારે કરદાતાને કારણ જણાવવા જરૂરી ગણાય. કરદાતા વતી ઉપસ્થિત એડવોકેટ હાર્દિકભાઈ મોઢ દ્વારા કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે કરદાતાને તેની ક્રેડિટ ક્યાં કારણે બ્લીક કરવામાં આવેલ છે તે કેવી રીતે ખબર પડે? તેઓ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે વેચનારા સાથેના તેઓના અસીલના વ્યવહારો ચોખ્ખા છે. માત્ર અમારા અસીલના વેચનાર પર શંકાના આધારે ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરી શકાય નહીં.

સરકાર તરફે રજુઆત:

કરદાતાની દલીલનો સરકારી વકીલ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. અધિકારી પાસે માહિતી હોય તેવા સંજોગોમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરવા સક્ષમ છે. અધિકારી દ્વારા રાજ્ય જી.એસ.ટી. ના સર્ક્યુલર ૧૯,૦૫.૨૦૨૦ મુજબ આ ક્રેડિટ બ્લોક કરેલ છે. સરકારી તિજોરીના હિતમાં આ બ્લોકિંગ જરૂરી છે.

કોર્ટનો ચુકાદો:

નિયમ 86A ને જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬ તથા નિયમો હેઠળ નિયમ ૩૬ સાથે વાંચન કરવા જરૂરી છે. નિયમ 86A હેઠળ અધિકારીને કરદાતાની લેજરમાં ડેબિટ એન્ટ્રી કરવા કોઈ સત્તા નથી પરંતુ તેઓને માત્ર કરદાતાની લેજરમાં ક્રેડિટ બ્લોક કરવ્વની સત્તા આપવામાં આવેલ છે. આ સત્તા મર્યાદિત સમય માટે જ આપવામાં આવેલ છે. નિયમ 86Aની સત્તાનો ઉપયોગ કરવા સમય બે બાબતો ફરજિયાત છે. a. અધિકારીને પોતાની પાસેની વિગતો પરથી ક્રેડિટ બ્લોક કરવા અંગે સંતોષ હોવો જરૂરી છે. b. અધિકારી આ ક્રેડિટ બ્લોક અંગેના કારણોની યોગ્ય નોંધ કરવી જરૂરી છે. નિયમ 86A માં અધિકારીને આપવામાં આવેલ સત્તા ખૂબ ભયંકર ગણાય માટે ઉપરોક્ત બન્ને શરતો પૂર્ણ થવી જરૂરી છે. કોઈ પણ પ્રશાશનિક સત્તા જે ક્વાસી જ્યુડિશિયલ (અર્ધ ન્યાયિક) હોય અને જેના કરદાતા ઉપર ગંભીર પરિણામ આવવાની શક્યતા હોય તે સત્તાનો ઉપયોગ વ્યાજબી રીતે કરવો જરૂરી છે. માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા મેનકા ગાંધી વી. યુનિયન ઓફ ઈન્ડિયા, AIR 1978 SC 597ના કેસમાં નિર્ણય કરવામાં આવ્યો હતો કે વ્યાજબી પણા નો સિદ્ધાંત એ ભારતીય બંધારણના અનુછેદ ૨૧ તથા ૧૪માં સમાવિષ્ટ થયેલ ગણાય. સામાન્ય સંજોગોમાં કોઈ પણ વ્યક્તિ વિરુદ્ધ પગલાં લેતા પહેલા સુનાવણીની તક આપવી જરૂરી છે. પરંતુ અમુક સંજોગોમાં આદધિકારી દ્વારા કોઈ પગલાં લેતા પહેલા સુનાવણીની તક આપી શકાય તેમ ના હોય ત્યારે પગલાં લીધા બાદ સુનાવણીની યોગ્ય તક આપવી જરૂરી છે. સામાન્ય રીતે પગલાં લીધા બાદ સુનાવણી માટે મુદત તુરંત આપવી જોઈએ પરંતુ આ મુદત લેવામાં આવેલ પગલાંના ૨ અઠવાડીયા સુધીમાં આપી દેવી જોઈએ. કરદાતાને આપવામાં આવેલ સુનાવણી બાદ અધિકારી દ્વારા પોતાની કાર્યવાહી અંગે યોગ્ય આદેશ પસાર કરવો જોઈએ. નિયમ 86A હેઠળનો શબ્દ May સૂચવે છે કે અધિકારી ક્રેડિટ બ્લોક કરવા સાથે કરદાતાને કારણો આપવા જરૂરી છે. કોઈ પણ પ્રશાશનિક આદેશ પાછળનો કારણ જાણવાનો કરદાતાનો અધિકાર છે. આંધ્રા બેન્ક વી. ઓફિશિયલ લિક્વિડેટર (2005) 3 SCJ 762માં સુપ્રીમ કોર્ટ દ્વારા ઠેરવવામાં આવ્યું છે કે કારણ ના દર્શાવતો આદેશ ડોકટરીન ઓફ ફેર પ્લે નો સિદ્ધાંત પૂર્ણ કરતો નથી. જ્યાં રીઝન રેકોર્ડ કરવાની જરૂરિયાત કાયદા કે નિયમોમાં દર્શાવવામાં આવેલ હોય ત્યાં અધિકારીની ફરજિયાત કારણ આપવાની ફરજ ગણવામાં આવે છે. નિયમ 86Aની સત્તા દ્વારા આ કેસમાં પસાર કરવામાં આવેલ આદેશમાં કોઈ પણ કારણ દર્શાવવામાં આવેલ નથી. અધિકારી દ્વારા કારણ ના દર્શાવેલ હોય આ આદેશ કાયદાની દ્રષ્ટિએ અયોગ્ય ગણાય. જી.એસ.ટી. કાયદાની કલમ 43A હજુ નોટિફાય થયેલ નથી. આમ, નિયમ 86Aને કાયદાની કોઈ જોગવાઈનું સમર્થન નથી. ક્વેસ્ટ મર્ચંટાઇઝીન્ગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વી. દિલ્હી સરકાર WP(C) No 6093/2017, 26.10.2017 જેવા ઘણા ચુકાદા છે જેમાં ઠરાવાયું છે કે વેચનાર વેરો ના ભરે તો આ અંગે બોનફિડે પરચેસર (પ્રમાણિક ખરીદનાર)ને જવાબદાર ઠેરવી શકાય નહીં. શ્રી વિનયજ્ઞ એજન્સીઝ વી. આશી. કમિશ્નર WP no ૨૦૩૬ થી ૨૦૩૮/૨૦૧૩ તા. ૨૯.૦૧.૨૦૧૩, મદ્રાસ હાઇકોર્ટ જેવા કેસોને પણ ધ્યાને લેવામાં આવ્યા છે. ઉપરની તમામ ચર્ચાના અંગે એવું ઠરાવવામાં આવે છે કે અધિકારીનો ક્રેડિટ બ્લોક કરતો આદેશ રદ્દ કરવામાં આવે છે. અધિકારી ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાને લઈ નવો આદેશ કરી શકે છે.

(સંપાદક નોંધ: વેચનાર ઉપર બોગસ ડીલર તરીકે કાર્યવાહી શરૂ થાય ત્યારે તેના તમામ ખરીદનારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બ્લોક કરી આપવામાં આવે છે. આવા કેસોમાં આ ચુકાદો ખૂબ ઉપયોગી સાબિત થશે.)

(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબમાં તા. ૦૪ એપ્રિલના રોજ પ્રસિદ્ધ થયેલ છે)

કરચોરીનો ઈરાદો ના હોય ત્યારે માત્ર ટેકનિકલ ખામી બદલ ઇ વે બિલના નિયમોના ભંગ ગણી દંડ લગાડી શકાય નહીં: મદ્રાસ હાઈકોર્ટ

સ્માર્ટ રૂફિંગ પ્રા. લી. વી. સ્ટેટ ટેક્સ ઓફિસર, મદુરાઇ

સલગ્ન કાયદો: ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ, ૨૦૧૭
ચુકાદો આપનાર ફોરમ: મદ્રાસ હાઇકોર્ટ (મદુરાઇ બેન્ચ)
માનનીય જજ: સી.સરાવનન
કરદાતા વતી વકીલ: એન. સુદુલાઈ મુત્થૂ
સરકાર વતી: કે.એસ. સ્લેવા ગણેશન
ચુકાદા તારીખ: ૩૦ માર્ચ ૨૦૨૨

કેસની હકીકતો:

- કરદાતાની ધંધાની મુખ્ય જગ્યા ઉપરાંત ગોડાઉન (ધંધાનું વધારનું સ્થળ) ધરાવતા હતા.
- તેઓના ધંધાના ચેન્નઈ ખાતેના મુખ્ય સ્થળ પરથી મદુરાઇ ખાતે આવેલ વધારાના સ્થળ ઉપર માલનું સ્થળાંતર કરવામાં આવી રહ્યું હતું.
- કરદાતા દ્વારા આ વધારાના સ્થળની નોંધ જી.એસ.ટી. રજીસ્ટ્રેશનમાં કરવામાં આવી ના હતી.
- ઇ વે બિલ ઉપર કરદાતા દ્વારા માલ મેળવનાર તરીકે આ વધારાના સ્થળનું સરનામું દર્શાવવામાં આવ્યું હતું.
- ઇ વે બિલમાં સ્ટ્રોક ટ્રાન્સફરનો ઉલ્લેખ હોવા છતાં મોબાઈલ ચેકપોસ્ટ દ્વારા આ માલ રોકવામાં આવ્યો હતો.
- કરદાતાને MOV 9 આપવામાં આવી હતી અને CGST તથા SGST સહિત ૫૦૦૭૭૪/-ની પેનલ્ટી લગાડવામાં આવી હતી.
- આ પેનલ્ટીના આદેશને રિટ પિટિશનમાં પડકારવામાં આવ્યો હતો.

કરદાતા તરફે રજૂઆત:

- કરદાતા દ્વારા સ્ટોક ટ્રાન્સફરનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- સ્ટોક ટ્રાન્સફર હોય કરદાતાના ઉપર ટેક્સની કોઈ જવાબદારી ના હતી અને આમ કરચોરીની કોઈ ઈરાદો હોય ના શકે.
- માલ રોકવામાં આવ્યો છે ત્યારબાદ કરદાતા દ્વારા વધારાના સ્થળની જગ્યા જી.એસ.ટી. નોંધણીમાં ઉમેરવા અરજી કરી આપવામાં આવી છે.
- કરદાતા ઉપર ૧૨૯(૩) ઉપર કોઈ પેનલ્ટી લગાડી શકાય નહીં.

સરકાર તરફે રાજુઆત:

- કરદાતા પાસે જી.એસ.ટી. ની કલમ ૧૦૭ હેઠળ અપીલનો વિકલ્પ હોય રિટ પિટિશન સ્વીકારવામાં ના આવે.
- આ રિટ પિટિશનમાં રિટ પિટિશનને લાયક તથ્યો નથી.

કોર્ટનો ચુકાદો:

- કરદાતાના ઇ વે બિલમાં ખામી હોય, જી.એસ.ટી. અધિકારીઓ દ્વારા માલ જપ્ત કરવામાં આવ્યો તે કામગીરી યોગ્ય હતી.
- પરંતુ તથ્યો ઉપરથી સ્પષ્ટ છે કે કંસાઇનર તથા કંસાઈની હેડ ઓફિસ અને બ્રાન્ચ છે અને તેથી કાયદાની દ્રસ્ટીએ એક જ વ્યક્તિ છે.
- કરદાતાએ ધંધાના વધારાની જગ્યાની નોંધ કરાવેલ નથી તે હકીકત છે પરંતુ માલ જપ્ત થયા બાદ તેઓએ આ ભૂલ સુધારેલ છે.
- અધિકારી દ્વારા નોંધણી દાખલામાં સુધારો પણ કરી આપવામાં આવ્યો છે.
- આમ, ઇ વે બિલની ક્ષતિને ટેકનિકલ ક્ષતિ ગણી, કરચોરીનો કોઈ ઇરાદો ના હોય, કરદાતા ઉપર દંડ લાદતો આદેશ રદ કરવા ઠરાવવામાં આવે છે.
- કરદાતાનો માલ તથા વાહન મુક્ત કરવા આદેશ કરવામાં આવે છે.

(સંપાદક નોંધ: ઇ વે બિલમાં થતી ચૂક માટે આ ચુકાદો કરદાતાઓને ઉપયોગી બની શકે છે. ધંધાના વધારાના સ્થળનો જી.એસ.ટી. રજીસ્ટ્રેશનમાં ઉલ્લેખ ના હોવા છતાં કોર્ટ દ્વારા આ ભૂલને ટેકનિકલ ક્ષતિ ગણેલ છે જેની ખાસ વાંચકોએ નોંધ લેવી)

(આ ચૂકદાઓનું અર્થઘટન ભવ્ય પોપટ (એડવોકેટ તથા એડિટર-ટેક્સ ટુડે) ના અંગત અર્થઘટન છે.)

સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના

26th માર્ચ ૨૦૨૨

જી.એસ.ટી.

અમારા અસીલ ગ્રાહકની જરૂરિયાત મુજબ રહેઠાણનું મકાન બાંધકામ કરી આપવાના કોન્ટ્રાક્ટ કરે છે. માલની ખરીદી અમારા અસીલ જ કરે છે. આ પ્રકારના કોન્ટ્રાક્ટ ઉપર જી.એસ.ટી. ક્યાં દરે લાગે તથા ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાદ મળે કે કેમ તે અંગે માર્ગદર્શન આપવા વિનંતી. – જિગ્નેશ દૂધરેજિયા, ધોરાજી

જવાબઃ માલ મટિરિયલ સાથે મકાન બાંધકામના કોન્ટ્રાક્ટ ઉપર૧૨ % ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે. ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાદ મળે તેવો અમારો મત છે.

અમારા અસીલ ભાડાની જગ્યા ઉપર ધંધો કરતાં હતા. ભાડાની જગ્યાનું સ્થળ ખાલી કરવવામાં આવેલ હોય અને ત્યારબાદ અમારા અસીલને નવી ભડા ઉપર જગ્યા મેળવતા સમય લાગ્યો હતો. આ દરમ્યાન અમારા અસીલનો નોંધણી દાખલો ૦૧.૦૭.૨૦૧૭ થી જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા રદ્દ કરવામાં આવ્યો છે. હવે તેઓ નોંધણી દાખલો ચાલુ કરાવવા માંગે છે પરંતુ અપીલ કે રિવોકેશનનો સમય જતો રહ્યો છે. હવે આવા કેસમાં શું કરી શકાય?– CA કલ્પેશ પટેલ, નડિયાદ

જવાબઃ આ પ્રમાણેની સ્થિતિમાં સૌ પ્રથમ ઘટક ઓફિસે હાજર થઈ ઓર્ડર યોગ્ય રીતે બજવેલ ના હોય, આદેશની નકલ લેવાની વિધિ કરવાની રહે. ત્યારબાદ આ આદેશ ઉપર અપીલ મેન્યુલ દાખલ કરવા પ્રયાસ કરવા જોઈએ. આ અપીલ ના સ્વીકારવામાં આવે તેવા કિસ્સામાં માનનીય હાઈકોર્ટમાં રિટ પિટિશન કરવાનો વિકલ્પ રહેતો હોય છે. આ પ્રકારના કિસ્સા મોટા પ્રમાણમા અમારી સામે આવી રહ્યા છે. આ માટે કેસના તથ્યો જોઈ નિર્ણય લેવાનો રહે. આ અંગે તથ્યો સાથે આપ અમારો સંપર્ક કરી શકો છો.

2nd એપ્રિલ ૨૦૨૨

જી.એસ.ટી.

અમારા અસીલ મિલ્કત (ઓફિસ તથા ફ્લેટ) ભાડે આપવાનો ધંધો કરે છે. આ મિલ્કતમાં ફર્નિચર લગાડવામાં આવેલ છે. શું આ મિલ્કતને સલગ્ન ફર્નિચર ખરીદી ઉપર જી.એસ.ટી. ની ક્રેડિટ અમોને મળે? – જીગ્નેસ દેત્રોજા, ધોરાજી

જવાબઃ જી.એસ.ટી. હેઠળ જે ફર્નિચર ઓફિસ કે ફ્લેટ સાથે ફિક્સ કરી આપવામાં આવે તેવા ફર્નિચરને ઇમુવેબલ એસેટ ગણાય અને આવા ફર્નિચરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં. પરંતુ જે ફર્નિચર ફિક્સ ના કરવામાં આવેલ હોય તેવા ફર્નિચરની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

ઈન્કમ ટેક્સ

અમારા અસીલ એ ૧૯૯૯ માં એક ફ્લેટ ખરીદ્યો હતો. નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ ના વર્ષમાં તેઓનું અવસાન થયેલ છે. ત્યારબાદ આ ફ્લેટ તેમના વારસદાર તરીકે તેમના પત્નીના નામે થયેલ છે. આ ફ્લેટનું નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ માં વેચાણ થયેલ છે. હવે અમારા અસીલના પત્ની માટે આ ફ્લેટની કિંમત કેવી રીતે નક્કી કરવાની રહે? – પિયુષભાઈ લિંબાણી, ટેક્સ કન્સલ્ટન્ટ, કચ્છ

ટેક્સ ટુડે એક્સપર્ટઃ
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

જવાબઃ તમારા અસીલના પત્નીની કિમત ગણવા માટે તમારે ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૪૯ હેઠળ પ્રિવિયસ ઓનર એટલેકે અગાઉના માલિક તેમના પતિની કોસ્ટ (પડતર) લેવાની રહે. ૨૦૦૧ પહેલા આ ખરીદી કરેલ હોય રજિસ્ટર્ડ વેલ્યુયર પાસે વેલ્યુએશન કરવવાનો વિકલ્પ પણ મળે તેવો અમારો મત છે.

9th એપ્રિલ ૨૦૨૨

જી.એસ.ટી.

અમારા અસીલનું ટર્નઓવર જી.એસ.ટી. પોર્ટલ ઉપર એસટીમેટેડ તથા રિટર્ન બેઝમાં અલગ અલગ દર્શાવે છે. આ અંગેનું કારણ શું હોય શકે છે? શું આ સુધારી શકાય છે? – ભાવેશ પી. ડાંગી, એડવોકેટ

જવાબઃ આ ટર્નઓવર જી.એસ.ટી. પોર્ટલ ઉપર Updateના વિકલ્પ દ્વારા સુધારી શકાય છે. આ ઉપરાંત આ ટર્નઓવરની છે આપવામાં આવેલ લિન્ક ઉપર આ અંગે ગ્રીવન્સ (ફરિયાદ) પણ નોંધાવી શકાય છે.

અમારા અસીલ ખેતીની જમીન ખરીદી તેના ઉપર રિસોર્ટ બનાવે છે. આ રિસોર્ટ બાંધકામમાં વપરાતા માલની જી.એસ.ટી. ક્રેડિટ મળી શકે? બાંધકામમાં URD ખરીદી ઉપર RCMની જવાબદારી આવે? – આશિષ પૂરી ગોસ્વામી, એકાઉન્ટન્ટ, ગીર ગઢડા

જવાબઃ રિસોર્ટ બાંધકામ ઉપર વપરાતા માલની ક્રેડિટ અમારા મતે મળી શકે નહીં. પરંતુ માનનીય ઓરિસ્સા હાઈકોર્ટનો સફારી રિટ્રીટ પ્રા. લી.ના ચુકાદા મુજબ કોઈ કરદાતા જોખમ વહોરી આ ક્રેડિટ ક્લેમ કરી શકે. ઉલ્લેખનીય છે કે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા ઓરિસ્સા હાઈકોર્ટનો ચુકાદો સુપ્રીમ કોર્ટમાં ચેલેન્જ કરેલ હોય જે હાલ પડતર છે.

અમારા અસીલ RO વોટર (મિનરલ વોટર)નું ઉત્પાદન કરે છે. તેઓ દુકાને દુકાને ૨૦ લિટરના પાણીના કેરબા પૂરા પાડે છે. તેઓ કુદરતી રીતે પાણી મેળવી, કોઈ જાતના કેમિકલ નાંખ્યા વગર પાણી ઠંડુ કરી RO કરી ગ્રાહકને સપ્લાય કરે છે. આ બાબતે અમારા નીચે મુજબના પ્રશ્નો છે.

અમારા અસીલને કંપોઝીશનનો લાભ મળે?

જો રેગ્યુલર સ્કીમ (કંપોઝીશન સિવાય)માં હોય તો ક્યાં દરે જી.એસ.ટી. લાગુ પડે?

જો રેગ્યુલર સ્કીમમાં હોય તો કેરબાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે? – નિલેષ લાખાણી, કોડીનાર

જવાબઃ આપના અસીલને કંપોઝીશનનો લાભ મળે. આપના અસીલનો માલ HSN ૨૨૦૧ હેઠળ પડે અને રેગ્યુલર સ્કીમમાં હોય તો પ્રોડક્ટ ડિસ્ક્રિપ્શન મુજબ ૧૨% અથવા ૧૮% ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે. રેગ્યુલર સ્કીમમાં હોય તો ખરીદેલ કેરબાની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળે તેવો અમારો મત છે.

ઈન્કમ ટેક્સ

અમારા અસીલ તેમના પિતાને ૫ લાખની રકમ ગિફ્ટ આપવા માંગે છે. શું આ ગિફ્ટ અંગે ગિફ્ટ ડિડ બનાવવી જોઈએ? સગા સબંધી કેટલી રકમ સુધીની ગિફ્ટ આપી શકે? ઈન્કમ ટેક્સ રિટર્નમાં આ રકમ ક્યાં દર્શાવવાની રહે? – હિત લિંબાણી, કચ્છ

જવાબઃ ગિફ્ટ આપવા અંગે ગિફ્ટ ડિડ બનાવી લેવી હિતાવહ છે. કોઈ વ્યકિત સગા સબંધીને કેટલી રકમની ગિફ્ટ આપી શકે તે અંગે કોઈ મર્યાદા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ સૂચવવામાં આવેલ નથી. ગિફ્ટ આપનારની ક્રેડિટવર્થીનેસ (પાત્રતા) ઉપર આ બાબત નિર્ભર કરે છે. ગિફ્ટ ચેક દ્વારા આપવામાં આવે તે જરૂરી છે. આ ઉપરાંત એ ધ્યાને રાખવું જરૂરી છે કે રોકડમાં ગિફ્ટ ૨૦૦૦૦૦ કે તેથી વધુ રકમની ગિફ્ટ આપવામાં આવે તો ઈન્કમ ટેક્સની કલમ 269ST લાગુ થઈ શકે છે.

–:: ખાસ નોંધ ::–

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફે શનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગેના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવાનો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરાના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડેને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડેને નીચે આપેલ ઇ-મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે એક્સપર્ટ્સનો સીધો સંપર્ક બિન વ્યવસાયી રીતેના કરવો.

આ કૉલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ મને taxtodayuna@gmail.com પર ઈમેઈલ કરી શકો છો. સોમવારથી શુક્રવાર સુધી આવેલા પ્રશ્નોના જવાબ શક્ય હોય ત્યાં સુધી પછીના સોમવારે પ્રસિદ્ધ કરવામાં આવશે.

ડિસ્ક્લેમરઃ આ કૉલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

આવકવેરા કાયદા અન્વયે અપડેટેડ રિટર્ન વિષે સાદી સમજ

અમિત સોની (ટેક્ષ એડવોકેટ)
૯૮૨૪૭૦૧૧૯૩

આવકવેરા કાયદા અન્વયે કરદાતાએ ફાઈલ કરેલ આવકવેરા પત્રકમાં ભૂલ કે સુધારવા અને રહી ગયેલ આવક બતાવવા અપડેટેડ રિટર્ન ભરી શકશે. જે કરદાતાએ ઓરિજનલ રિટર્ન અને રિવાઈઝ રિટર્ન ભરેલ હોય તેઓ પણ આ અપડેટેડ રિટર્ન ભરી શકશે જેની સમય મર્યાદા જે તે આકારણી વર્ષના અંતથી ૨૪ મહિનાની રહેશે.

અપડેટેડ રિટર્નમાં નુકસાની કે ટેક્ષ ઘટાડવાની પરવાનગી નથી

કરદાતાએ અપડેટેડ રિટર્ન ધ્વારા નુકસાની દર્શાવવાની રહેશે નહીં કે ટેક્ષની જવાબદારી ઘટે તેવી રીતે રિટર્ન રજૂ કરી શકશે નહીં . આ ઉપરાંત દરોડા જમી ની કલમ ૧૩૨ ની કાર્યવાહી તેમજ કલમ ૧૩૨ એ હેઠળની કાર્યવાહી થઈ હોય તેવા સંજોગોમાં આ અપડેટેડ રિટર્ન નહીં ભરી શકાય. આ સિવાય કલમ ૧૩૩ એ હેઠળ થયેલ સર્વે તેમજ અન્યને ત્યાં પડેલા દરોડા દરમ્યાન કરદાતાને લગતી સાહિત્ય સામગ્રી દસ્તાવેજ કે મિલકતોની જાણ થતા, તેવા કરદાતા પણ અપડેટેડ રિટર્ન નહીં ભરી શકશે. આવું અપડેટેડ રિટર્ન રજૂ કરવાનો પ્રતિબંધ દરોડા જમીના આકારણી વર્ષ તેમજ તે અગાઉના બે વર્ષ માટે લાગુ પડશે.



નીચેના સંજોગોમાં અપડેટેડ રિટર્ન રજૂ નહીં કરી શકાય

૧) એક વખત જો કરદાતા ધ્વારા અપડેટેડ રિટર્ન રજૂ થઈ ગયું હશે તો બીજી વખત રિટર્ન નહીં ભરી શકાય.

૨) જો કોઈ આકારણી,પુનઃ આકારણી, પુનઃ ગણતરી કે રિવિઝન ની કાર્યવાહી શરૂ થઈ હોય કે પેન્ડિંગ હોય અથવા પૂર્ણ થઈ હોય તેવા સંજોગોમાં અપડેટેડ રિટર્ન નહીં ભરી શકાય.

૩) પ્રિવેન્સન ઓફ મની લોન્ડરિંગ એકટ ૨૦૦૨ અથવા બ્લેક મની એક્ટ, ૧૯૮૮ કે સમ્ગલર્સ ફોરેન એક્સચેંજ મેનીપ્યુલેશન એક્ટ, ૧૯૭૬ હેઠળ આકારણી અધિકારીને કોઈ માહિતી હોય અને તેની જાણકારી તેવા સંજોગોમાં અપડેટેડ રિટર્ન નહીં ભરી શકાય.

૪) કલમ ૯૦ એટલેકે શંકાઓના નિવારણ માટે, આથી જાહેર કરવામાં આવે છે કે વિદેશી કંપનીના સંદર્ભમાં સ્થાનિક કંપની જે દરે વસૂલવાપાત્ર છે તેના કરતા વધુ દરે કરનો ચાર્જ ઓછો અનુકૂળ ચાર્જ અથવા આ સંદર્ભમાં કરની વસૂલાત તરીકે ગણવામાં આવશે નહીં. આવી વિદેશી કંપનીની.'' આવા સંજોગોમાં અપડેટેડ રિટર્ન નહીં ભરી શકે.૫) આ કાયદા હેઠળ કરદાતા ઉપર પ્રોસિક્યુશનની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોય તેઓ અપડેટેડ રિટર્ન નહીં ભરી શકે. જે કરદાતા એ ઓરિજનલ રિટર્ન ન ભરેલ હોય તો તેવા સંજોગોમાં કુલ આવક પર વેરો અને આવકવેરા કાયદાની વ્યાજ ને લગતી કલમ મુજબ વ્યાજ સહિત રકમ ભરવાની છે. પરંતુ કરદાતા એ ઓરિજનલ રિટર્ન અથવા રિવાઈઝ રિટર્ન ભરેલ હશે તો કુલ ટેક્ષ અને વ્યાજમાથી અગાઉ ભરેલ વેરો અને વ્યાજ બાદ કરીને વેરો ભરવાનો છે.

અપડેટેડ રિટર્ન સાથે ચૂકવવાનો એડિશનલ ટેક્ષ

૧) જો અપડેટેડ રિટર્ન ઓરિજનલ રિટર્ન અને રિવાઈઝ તારીખ પછી રજૂ થાય અને આકારણી વર્ષના અંતથી ૧૨ મહિનાની અંદર રજૂ થાય તો ટેક્ષ તથા વ્યાજની રકમના ૨૫% વધારાનો વેરો ભરવાનો છે. અને૨) આવું અપડેટેડ રિટર્ન આકારણી વર્ષના અંતથી ૧૨ મહિના પછી પરંતુ ૨૪ માહિનામાં રજૂ થાય તો ટેક્ષ તથા વ્યાજની ૫૦% જેટલી રકમ ભરવાની છે . વધારાના ટેક્ષમાં સરચાર્જ તથા સેસનો સમાવેશ થયેલ ગણાશે. ટૂકમાં આમઆદમીને આ અપડેટેડ રિટર્ન લાભદાયી નથી કારણકે અહી એડિશનલ ટેક્ષનું ભારણ લાદવામાં આવેલ છે અને વધુમાં નુકસાની કે ટેક્ષની રકમમાં ઘટાડો નહીં કરી શકાય તેવી જોગવાઈ છે.

(લેખક નડિયાદ ખાતે જી.એસ.ટી. અને ઇન્કમ ટેક્સની પ્રેકટીસ કરે છે અને વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલ છે. તેઓ જાણીતા વિચાર લેખક અને સમાજસેવી છે)

ઇ ઇંવોઇસ બનાવવું આ વેપારીઓ માટે નથી ફરજિયાત!!

તા. ૩૧.૦૩.૨૦૨૨ઃ જી.એસ.ટી. કાયદા હેઠળ ૦૧.૦૪.૨૦૨૨ થી ૨૦ કરોડ ઉપર ટર્નઓવર ધરાવતા વેપારીઓ માટે ઇ ઇંવોઇસ બનાવવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. ઇ-ઇન્વોઇસ જે વેપારીનુ રૂ. ૨૦/- કરોડ કરતાં વધુ ટર્નઓવર છે છતાં તેઓએ ઇ-ઇન્વોઇસ બનાવવાનું નથી.

(૧) જીએસટી કાયદા અન્વયે નિયમ ૫૪ ના સબ રુલ્સ (૨), (૩), (૪) ,(૪) એ માં જણાવેલ છે કે ઇ-ઇન્વોઇસ ની જોગવાઈ લાગુ પડતી હોય તેમ છતાં બેન્કિંગ, નોન બેન્કિંગ, નાણાકીય સંસ્થાઓ, ટ્રાન્સપોર્ટ એજન્સીઓ જે રિવર્સ ચાર્જ બિલ બનાવતી હોય અથવા રેગ્યુલર બિલ બનાવતા હોય તે એજન્સી, પેસેંજર વહન કરતી એજન્સી, મલ્ટિપ્લેક્સ સિનેમા ધંધો કરતાં હશે તેમણે ઇ-ઇન્વોઇસ બનાવવાનું નથી. તો આવો નિયમ ને સમજીએ.

(૨) જ્યાં કરપાત્ર સેવાના સપ્લાયર વીમાદાતા અથવા બેંકિંગ કંપની અથવા બિન-બેંકિંગ નાણાકીય કંપની સહિતની નાણાકીય સંસ્થા હોય, ત્યાં ઉલ્લેખિત સપ્લાયર ટેક્સ ઇન્વોઇસ કન્સોલિડેટેડ ટેક્સ ઇન્વોઇસ અથવા તેના બદલે અન્ય કોઈપણ દસ્તાવેજ જારી કરી શકે છે. મહિનાના અંતમાં એક મહિના દરમિયાન કરવામાં આવેલ સેવાઓના પુરવઠા માટે ગમે તે નામથી બોલાવવામાં આવે, પછી ભલે તે જારી કરવામાં આવે અથવા ઉપલબ્ધ કરાવવામાં આવે, ભૌતિક રીતે અથવા ઇલેક્ટ્રોનિક રીતે ક્રમાંકિત હોય કે ન હોય, અને કરપાત્ર સેવાના પ્રાપ્તકર્તાનું સરનામું હોય કે ન હોય પરંતુ નિયમ ૪૬ હેઠળ ઉલ્લેખિત અન્ય માહિતી ધરાવે છેઃ પૂરી પાડવામાં આવેલ છે કે માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમ, ૨૦૦૦ (૨૧) ની જોગવાઈઓ અનુસાર એકીકૃત ટેક્સ ઇન્વોઇસ અથવા તેના બદલે અન્ય કોઈપણ દસ્તાવેજ જારી કરવાના કિસ્સામાં સપ્લાયર અથવા તેના અધિકૃત પ્રતિનિધિની હસ્તાક્ષર અથવા ડિજિટલ હસ્તાક્ષરની આવશ્યકતા રહેશે નહીં.

(૩) જ્યાં કરપાત્ર સેવાના સપ્લાયર માલસામાન વાહનમાં માર્ગ દ્વારા માલસામાનના પરિવહનના સંબંધમાં સેવાઓ સપ્લાય કરતી માલ પરિવહન એજન્સી હોય, ત્યાં ઉક્ત સપ્લાયર ટેક્સ ઇન્વોઇસ અથવા તેના બદલે અન્ય કોઈપણ દસ્તાવેજ ઇશ્યૂ કરશે, જે કોઈપણ નામથી ઓળખાય છે, જેમાં માલનું કુલ વજન, માલ મોકલનાર અને માલ મોકલનારનું નામ, માલસામાનની કેરેજની નોંધણી નંબર કે જેમાં માલનું પરિવહન કરવામાં આવે છે, માલના પરિવહનની વિગતો, મૂળ અને ગંતવ્ય સ્થળની વિગતો, ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ આઇડેન્ટિફિકેશન નંબર જવાબદાર વ્યક્તિની ટેક્સ ચૂકવવા માટે, પછી ભલે તે કન્સાઇનર, કન્સાઇની અથવા માલ ટ્રાન્સપોર્ટ એજન્સી હોય, અને નિયમ ૪૬ હેઠળ ઉલ્લેખિત અન્ય માહિતી પણ હોય.

(૪) જ્યાં કરપાત્ર સેવાના સપ્લાયર પેસેન્જર ટ્રાન્સપોર્ટેશન સર્વિસ સપ્લાય કરતા હોય, ત્યાં ટેક્સ ઇન્વોઇસમાં કોઈપણ સ્વરૂપમાં ટિકિટનો સમાવેશ થાય છે, ગમે તે નામથી, ક્રમાંકિત હોય કે ન હોય, અને સેવા પ્રાપ્તકર્તાનું સરનામું હોય કે ન હોય પરંતુ અન્ય નિયમ ૪૬ હેઠળ ઉલ્લેખિત માહિતીઃ

પૂરી પાડવામાં આવેલ છે કે માહિતી ટેક્નોલોજી અધિનિયમ, ૨૦૦૦ (૨૦૦૦ ના ૨૧) ની જોગવાઈઓ અનુસાર ટિકિટ આપવાના કિસ્સામાં સપ્લાયર અથવા તેના અધિકૃત પ્રતિનિધિની સહી અથવા ડિજિટલ હસ્તાક્ષરની આવશ્યકતા રહેશે નહીં.

(૪અ) મલ્ટિપ્લેક્સ સ્ક્રીનમાં સિનેમેટોગ્રાફ ફિલ્મોના પ્રદર્શનમાં પ્રવેશ દ્વારા સેવાઓ પૂરી પાડતી નોંધાયેલ વ્યક્તિએ ઈલેક્ટ્રોનિક ટિકિટ જારી કરવાની રહેશે અને આ ઈલેક્ટ્રોનિક ટિકિટને કાયદાના તમામ હેતુઓ માટે ટેક્સ ઇન્વોઇસ માનવામાં આવશે, પછી ભલે તે ટિકિટમાં સેવા મેળવનારની વિગતો હોતી નથી પરંતુ નિયમ ૪૬ હેઠળ ઉલ્લેખિત અન્ય માહિતી શામેલ છેઃપરંતુ મલ્ટિપ્લેક્સ સ્ક્રીન સિવાયની સ્ક્રીનમાં આવી સેવાના સપ્લાયર તેમના વિકલ્પે ઉપરોક્ત પ્રક્રિયાને અનુસરી શકે છે

(૫) પેટા-નિયમ (૨) અથવા પેટા-નિયમ (૪) ની જોગવાઈઓ, નિયમ ૪૯ અથવા નિયમ ૫૦ અથવા નિયમ ૫૧ અથવા નિયમ ૫૨ અથવા નિયમ ૫૩ હેઠળ જારી કરાયેલા દસ્તાવેજોને લાગુ પડશે.

જે વેપારી માફી માલ સપ્લાય કે સેવા આપતો હોય તો તેના માટે બિલ ઓફ સપ્લાય બનવાનું છે એટલેકે ટેક્સ ઇન્વોઇસ બનાવાનું નથી માટે ઇ - ઇન્વોઇસ ની જરૂર નથી પરંતુ તે જો માફી માલ અને વેરાપાત્ર માલ બંને એક જ બિલ માં વેચતો હશે તો ઇ- ઇન્વોઇસ બનાવાનું છે વધુમાં નિકાસ માટે પણ ફરજિયાત ઇ- ઇન્વોઇસ બનાવાનુ છે.

અમિત સોની (ટેક્ષ એડવોકેટ)

મહારાષ્ટ્ર સરકાર દ્વારા વેપારીઓ માટે વેરા સમાધાન યોજના જાહેર કરવામાં આવી

તા. ૨૭.૦૩.૨૦૨૨ઃ મહારાષ્ટ્ર વિધાનસભા દ્વારા મહારાષ્ટ્રના વેપારીઓને એક ખાસ ભેટ આપવામાં આવી છે. જૂના સેલ્સ ટેક્સ, વેટ કે સેંટરલ સેલ્સ ટેક્સના બાકી લેણાં અંગે મહારાષ્ટ્રના વેપારીઓ આ વેરા સમાધાન યોજના (એમ્નેસ્ટી સ્કીમ) નો લાભ લઈ શકશે. આ એમ્નેસ્ટી સ્કીમને ''મહારાષ્ટ્ર સેટલમેન્ટ ઓફ એરીયર્સ ઓફ ટેક્સ, ઈન્ટરેસ્ટ, પેનલ્ટી અથવા લેટ ફી સ્કીમ-૨૦૨૨'' તરીકે ઓળખવામાં આવશે. આ યોજના GST કાયદો લાગુ થયા પહેલાં વેચાણવેરા વિભાગ દ્વારા વસૂલવામાં આવતી વિવિધ કર પરની છૂટ અંગે લાગુ પડે છે. વેપારીઓ આ એમ્નેસ્ટી સ્કીમનો લાભ ૧ એપ્રિલ, ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૩૦, ૨૦૨૨ સુધી લઈ શકશે. સરકાર ધ્વારા જૂના લેણા બાકી અંગેના આદેશ વેચાણ વેરા કે વાણિજ્ય વેરા વિભાગ દ્વારા પસાર કરાયેલા વિવિધ ટેક્સ કાયદાઓ હેઠળના કોઈપણ વૈધાનિક આદેશ મુજબ દર વર્ષે ૧૦,૦૦૦ કે તેથી ઓછા લેણી રકમ હશે તે માફ કરવામાં આવેલ છે. આ યોજનાને કારણે નાના વેપારીઓને મોટી રાહત થશે. ૧લી એપ્રિલ ૨૦૨૨ના રોજ બાકીદારો ધરાવતા ડીલરોને રૂ. ૧૦ લાખ કે તેથી ઓછા વૈધાનિક આદેશોમાં ઊભા કરાયેલા પ્રમાણ મુજબ નિર્વિવાદ કર, વિવાદિત કર, વ્યાજ, દંડના ખાતા પર ચૂકવવાપાત્ર રકમની ગણતરી કરવાને બદલે કુલ બાકી રકમના ૨૦ ટકાની એકીકૃત રકમ ચૂકવવાનો વિકલ્પ રહેશે. આ યોજનામાં કરવામાં આવેલ ૨૦% રકમની ચુકવણી પર, બાકીના ૮૦% બાકીદારોને માફી આપવામાં આવશે. ગુજરાતના વેપારીઓ આતુરતાથી આ પ્રકારની સમાધાન યોજનાની આશા સેવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાત સરકાર દ્વારા બજેટ ૨૦૨૨ માં આ અંગે કોઈ લાભ આપવામાં આવ્યો નથી.

◆ Year: 6, ◆ Issue No.6, ◆ Continue Issue No.66, ◆ Date: 16/04/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.